ॐ ह्रीँ श्रीँ अर्हं नमः ।
नमो नमः श्रीगुरुप्रेमसूरये ।

# રસ થાળ ૧

**(૫૧ વિશિષ્ટ ચિંતનોનો સંગ્રહ)**


**પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત**

***શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી***

**મહારાજા**



**• પ્રકાશક •**

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

**[illegible] : [illegible] અંબાલાલ શાહ**





નકલ : ૨૦૦૦ મુલ્ય : રૂા. ૭-૦૦

પ્રથમ સંસ્કરણ : સંવત ૨૦૬૧

**• પ્રાપ્તિસ્થાન •**

- **બી.એ.શાહ એન્ડ બ્રધર્સ**
  ૨, અરિહંત એપાર્ટમન્ટ, એસ. વી. રોડ,
  ઈર્લા, પાર્લા (વેસ્ટ), મુંબઈ-૫૬. ફોન : ૨૬૨૫૨૫૫
- **પી.એ.શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલિ, મુંબઈ-૨૬.
  ફોન : ૨૩૫૨૧૧૦૮, ૨૩૬૭૧૨૩૯
- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  નંદિતા એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો,
  પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૬૩૯૧૮૯
- **ચંદ્રકાંત એસ. સંઘવી**
  ૬/બી, અશોકા કોમ્પલેક્ષ, રેલ્વે ગરનાળા પાસે,
  પાટણ (ઉ.ગુ.) ફોન : ૨૩૧૬૦૩

Printed by : **SHREE PARSHVA COMPUTERS**,
58, Patel Society, Jawahar Chowk, Maninagar, A'bad-8. Tel.25460295




## ......પ્રકાશકીય

રસથાળ ભાગ-૧ સહર્ષ પ્રકાશિત કરીએ છીએ, શ્રુતસાગરની ઉત્તમ વાનગીઓ આ રસથાળમાં પીરસાઈ છે. શ્રીમંત માણસો જમણવારમાં પચાશ પચાશ આઈટમો કરી લોકને ખુશ કરે છે. લોક પણ આનંદથી આરોગે છે, પણ તેનું ફળ શું ? માત્ર બે પાંચ મીનિટનો રસનેન્દ્રિયનો આનંદ પણ સાથે ઘોર અશુભકર્મનો બંધ જેનું ફળ મહાદુઃખ.

આ રસથાળમાં એકાવન વસ્તુઓ પીરસાઈ છે, આનું ભોજન જીભથી નહીં, પણ મનથી કરવાનું છે, પ્રત્યેક વસ્તુનું ચિંતન સ્વરુપ ભોજન આત્માને પુષ્ટ કરશે, દોષોને નિર્મૂળ કરશે, પુણ્યની વૃદ્ધિ કરશે, પાપની હાનિ કરશે, સાથે આત્માને સમાધિના આનંદમાં તરબોળ કરશે.

આ બધી વસ્તુઓ પચાવવા માટે આને ધીમે ધીમે ઉપયોગપૂર્વક વાંચશો. એને વાગોળજો, અને તેનો રસ



આત્મામાં ઉતારજો. એનાથી આત્માને ભાવિત કરજો. તમારો બેડો પાર થઈ જશે. આમાની એકાદ આઈટમ કદાચ તમારા જીવનમાં પરાવર્તન લાવી તમને અધ્યાત્મના શિખરે પહોંચાડશે. માટે આનું ખૂબ ચિંતન મનન કરી જીવન સફળ કરો. આ ચિંતનનો રસથાળ પીરસવા માટે પૂજ્ય ગુરુદેવનો અમે મહાન ઉપકાર માનીએ છીએ.

લી.

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

તારાચંદ અંબાલાલ ધરણેન્દ્ર અંબાલાલ
પુંડરિક અંબાલાલ મુકેશ બંસીલાલ
ઉપેન્દ્ર તારાચંદ

**ભાવભરી વંદના**

અમારા કુટુંબમાંથી દીક્ષિત થયેલ
**પ.પૂ.આચાર્યદેવશ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરિ મ.**
**પ.પૂ.પ્રવર્તની શ્રી વસંતપ્રભાશ્રીજી મ.**
**પ.પૂ.સાધ્વીજીશ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.**
**પ.પૂ.સાધ્વીજીશ્રી દિવ્યયશાશ્રીજી મ.સા.**

(૧)

अर्हँ (વિશેષ પ્રભાવ)

માત્ર 'अ' અક્ષરનું પ્રણિધાન પણ સર્વ કર્મનો નાશ કરવા સમર્થ છે. 'ह' ભળતા શક્તિ અનેકગુણ વધી જાય છે. ઉપરની રેફ ' ' 'નું પ્રણિધાન મનના સર્વ દોષોનો નાશ કરવા સમર્થ છે અને સર્વ દોષોના નાશ થતા રેખારુપી સિદ્ધશિલા પર ( ँ ) બિંદુ જેમ આપણું સિદ્ધ તરીકેનું સ્થાન નક્કી થાય છે.

માટે મહાપ્રભાવી अर्हँ પદનું વધુને વધુ ધ્યાન કરીએ.

(૨)

મહાત્માઓ કર્મક્ષયના અર્થીજનો ઉત્તમ સાધકો જે રોગાદિને દુઃખોને આવકારે છે તેના ભાવિઆગમનની અસત્કલ્પનાઓ કરીને પણ હું કેટલો બધો ભય પામું છું. દુઃખની ગભરામણ મારામાં કેટલી બધી છે. એ જ પ્રતિપક્ષી સુખના રાગની પણ સૂચક છે.

દુઃખદ્વિટ્ અને સુખલિપ્સુ એવા મારુ શું થશે ?

જેમ-જેમ હું દુઃખથી ગભરાઉ છું. જેમ-જેમ હું સુખ



તરફ ખેંચાઉ છું. તેમ-તેમ સુખ દૂર થતુ જાય છે અને દુઃખ નિકટ આવે છે. હું કેવી રીતે સુખ વગર જીવી શકીશ ?

હું કેવી રીતે દુઃખમય જીવન વીતાવી શકીશ ? પરલોકમાં નરક-નિગોદાદિમાં તીર્યંચ વગેરે ભવમાં હું અસંખ્ય અને અનંતકાળ કેવી રીતે પસાર કરી શકીશ ?

ઘોર અંધકાર પરથી ખબર પડે કે વાદળ કેટલા ગાઢ છે,

મારામાં ક્ષયોપશમભાવના ગુણોની અત્યંત અલ્પતા લગભગ શૂન્ય જેવી અવસ્થાથી ખ્યાલ આવી શકે છે કે મારા કર્મ કેટલા બધા ગાઢ છે.

ક્યાં મારા ક્ષાયિક ગુણોનું સ્વરૂપ અને ક્યાં મારી વર્તમાન ઔદયિક દોષોથી ભરેલી સ્થિતિ ? કર્મો ગાઢ છે, અતિગાઢ છે. મારી પાસે હજારો માઈનસ પોઈંટ વચ્ચે એક જ પ્લસ પોઈંટ છે મને સર્વ શ્રેષ્ઠ સંપૂર્ણ શુદ્ધ દેવાધિદેવ અને સુગુરુના લક્ષણને ધારણ કરનારા કરુણાથી ભરપૂર શુદ્ધ સંયમી ગુરુની પ્રાપ્તિ થઈ છે. પણ મેં પૂર્વે ઘણા ઘણા ઘોર પાપો અરિહંતાદિની



આશાતનાઓ વગેરે કરેલ હશે, ગુરુઓની પણ અવજ્ઞા આશાતના વગેરે કરી હશે, બીજા મોટા પાપો હિંસા-ચોરી-જૂઠ વગેરે આચર્યા હશે તો તેના સંસ્કારો અને ચિકણા કર્મ આત્મા પર લાગ્યા હશે, હું તેને કેવી રીતે દૂર કરું ?

મારી બીજી લાચારી જુવો હું હમણા ૭૩ વર્ષની પાકટવયે વૈયાવચ્ચ કોની, શું કરું ? વળી મારા સ્થાનના કારણે મને કોણ કરવા દે ? ઉલ્ટી મારી અનુપમ વૈયાવચ્ચ સાધુઓ કરે છે જેથી મારે વળી પાછા પાપથી ભારે થવાનું રહે છે. તપ તો મારા જીવનમાં શરૂઆતથી જ નથી. વળી, આ ઉંમરે હવે વિશેષ તપ શું કરવો ? દોષિત આહાર પાણીથી જ મારુ જીવન અત્યારે ઘડાઈ ગયુ છે. એના વગર ચાલી શકે તેવું પણ નથી મારા પરમ ગુરુદેવ- ત્રણે ગુરુદેવો કેવુ નિર્દોષ જીવન જીવી ગયા ?

પરમગુરુદેવ છેલ્લી ઉંમરમાં સકારણ સેવવા પડતા દોષ માટે કેટલા નિસાસા નાંખતા ? અપવાદના સંપૂર્ણ અધિકારી એ મહાપુરુષ કારણે સેવાતા અપવાદમાં આંખે



આસુ પાડતા. પ્રગુરુદેવે તો બંગાળ, બિહાર (કલકત્તા, સંમેતશિખર) વગેરેના કઠણ વિહારોમાં જ્યાં જૈનોના ઘર મળવા દુર્લભ હતા ત્યાં પણ નિર્દોષ આહાર પાણીથી નિર્વાહ કર્યો. દોષિત ગ્રહણ ન કર્યુ.

ગુરુદેવે તો કમાલ કરી. કેન્સર જેવા ઉગ્ર વ્યાધિમાં પણ તપ-જપ-આગમવાંચન વગેરે સાથે ૨૪, ૧૪, ૩૦ ઉપવાસોની ઉગ્ર તપસ્યા કરી કર્મસત્તાને લપડાક મારી. હું કેવો ધિટ્ઠો થઈ ગયો છે. સદોષ આહાર પાણીમાં કોઈ અફસોસ પણ થતો નથી.

મારું શું થશે ? હવે કઈ આરાધના કરું ?

હવે મારે જીવનના થોડા વર્ષો, મહિના કે દિવસો, છે તેમાં ખૂબ-ખૂબ આરાધના કરવી પડશે.

બીજુ મારાથી થવાનું પણ શું છે ? મારા કુસંસ્કારોને ભૂસવા અને નિકાચિત જેવા ચિકણા બંધાયેલા કર્મોની નિર્જરા કરવા મારે હવે ગાઢ રીતે દુષ્કૃત ગર્હા કરવી પડશે, વારંવાર કરવી પડશે, ચાર શરણ સતત રટણામાં અંકિત કરવા પડશે.

મહાપુરુષોની સાધનાની પ્રમોદ ભાવથી અત્યંત

અનુમોદના કરવી પડશે. પ્રતિ સમય કર્મબંધ પર ચેકીંગ રાખવું પડશે. જેથી અશુભ કર્મનો જથ્થો મારા આત્મામાં પેસી ન જાય. જો હું નહિં જાગુ તો છેવટે અસમાધિ મરણ પામીને દુર્ગતિની દીર્ઘ મુસાફરીએ ઉપડી જઈશ.

સમ્યગ્દૃષ્ટિ જીવો (સમ્યકત્વ ગુમાવીને) અરે પૂર્વધરો પણ પ્રમાદમાં પડીને અનંતકાળ માટે નિગોદમાં ગયા છે તો મારુ શું થશે ? મને કોણ બચાવશે ? જીવ ! ખરેખર હવે તું સાવધ થઈ જા. તને વિશેષ શું કહું ? અનાદિના પ્રમાદને છોડી ઉક્ત મહા આરાધનાનું વિસ્તૃતરૂપે સ્વીકારી લે !

**(3)**

આપણને આ મનુષ્ય ભવ આર્યદેશ ઉત્તમ જાતિ-કુળ વગેરે કેટલા બધા પુણ્યના ઉદયથી મળ્યા છે તેની ખબર નથી. એક માત્ર શરીરનો વિચાર કરીએ તો તેમાં જે વિવિધ અવયવો છે તથા જે સેંકડો નાડી વગેરે છે તે બધાને વ્યવસ્થિત રાખનાર કેટલા બધા પ્રકારના પુણ્ય જોઈએ.

રોજ શરીર માટે ખોરાક મેળવવા, ખોરાક પચાવવા,



તેમાંથી લોહી વગેરે સાત ધાતુ બનાવવા, દરેક અવયવોને સમયસર લોહી પહોંચાડવા, બધા જ અંગોપાંગોને વ્યવસ્થિત રાખવા નિરોગી રાખવા વગેરે માટે કેટલા બધા પ્રકારના પુણ્યની જરૂર પડે ? તેવી જ રીતે બીજા પણ ઉત્તમ કુટુંબ, પરિવાર, ધન, સમાજમાં આબરુ, યશઃકીર્તિ, ચિત્તની શાંતિ, ચિત્તની પ્રસન્નતા-ભય ચિંતા સંતાપ શોકનો અભાવ આ બધા માટે અનેક પ્રકારની પુણ્ય પ્રકૃતિઓની આપણને જરૂર પડે છે.

દેવાધિદેવ તીર્થંકર પ્રભુની પૂજા ભક્તિ ધ્યાન કે ગુરુભક્તિ, સંઘભક્તિ વગેરે વખતે પ્રણિધાનરુપ થયેલ આપણા અધ્યવસાયો અને ભાવોએ જ વિવિધ પ્રકારની શ્રેષ્ઠ પુણ્ય પ્રકૃતિઓ બંધાવી આ બધી જ અનુકૂળતા કરી આપી છે. તેથી જ આજે પણ સ્વસ્થતાપૂર્વક જીવીએ છીએ. અરિહંત અને અરિહંતના શાસનનો જ આ મહાન ઉપકાર છે.

એ પણ સાવધાની રાખવાની છે કે જેમ અરિહંત અને અરિહંત શાસનના ભક્તિ-બહુમાન વગેરેના પ્રણિધાનથી જેમ આ ઉંચી પુણ્યની પ્રકૃતિઓ રસ વગેરે



બંધાયા અને સુખનો અનુભવ થાય છે તે જ રીતે પરમાત્મા અને તેમના શાસનની આશાતનાથી, અનાદરથી આશાતનાના પ્રણિધાનથી ભારે કોટિના અનેક પ્રકારના પાપ કર્મ પણ બંધાશે અને બધી જ રીતના દુઃખોના ઢગલા એક સાથે ઉદયમાં આવશે.. અરે તેની પરંપરા અનેક ભવ સુધી ચાલશે માટે જ સંવેગરંગશાળામાં પણ કહ્યું છે. "**आसायणबहुलाण विराहगाणं च नाणचरणाणं।**
**पोग्गलपरियट्टद्धं उक्कोसं अंतरं जम्हा।।**"

જ્ઞાન અને ચારિત્રના વિરાધક અને આશાતના બાહુલ્યવાળા જીવોને અર્ધપુદ્ગલપરાવર્ત જેટલું સમકિતમાં અતંર પડે છે. અર્થાત્ સમકિત પામેલા જીવને પણ દેવ-ગુરુની આશતનાથી, જ્ઞાન અને ચારિત્રની વિરાધનાથી અર્ધપુદ્ગલ પરાવર્ત એટલે અનંત સંસાર થાય છે અને સમકિત નહીં પામેલા જીવોને તો આનાથી પણ વધુ થવા સંભવે છે.

માટે આ ભવમાં પણ જેટલી બને તેટલી પ્રભુ અને પ્રભુ શાસનની બહુમાનપૂર્વક ભક્તિ વૈયાવચ્ચ કરતાં જઈએ, શક્ય સંયમ-તપની આરાધના કરતાં જઈએ અને



આશાતના જરા પણ ન થાય તેની કાળજી કરતાં રહીએ.

**(૪)**

આ જગતમાં અસંખ્ય પ્રકારના દુઃખો છે. આપણે નજર સમક્ષ લોકોને જુદા-જુદા પ્રકારના દુઃખો ભોગવતા જોઈએ છીએ તે દ્વારા આપણને પણ પ્રતીતિ થાય છે.

એક માત્ર શારીરિક કષ્ટો કેટલા બધા પ્રકારના છે. કહે છે કે લાખો પ્રકારના રોગો આ શરીરમાં છે. સ્થૂલદ્રષ્ટિએ પણ હાથ, પગ, માથુ, હૃદય, ફેફસાઓ, આંતરડા, લીવર, કીડની, પીઠ, કમર, કરોડરજ્જુ વગેરે શરીરના અનેક વિભાગોમાં ફેરફાર થતા એ રોગ આ પીડા રુપે પરિણામ પામે છે. શરીરમાં સેંકડો નસો (નાડીઓ) છે જે લોહીનું વહન કરે છે આમાં ક્યાંય પણ ખામી આવતા શરીરમાં તકલીફો ઉભી થાય છે. આ બધુ વ્યવસ્થિત તંત્ર કોણ ચલાવે છે ? કહો કે પુણ્યકર્મ.

પુણ્યકર્મથી આ બધુ જ તંત્ર વ્યવસ્થિત ચાલે છે. લાખો રોગોમાંથી કદાચ ઉપસ્થિત થયા હોય તો એક-બે પણ બાકી બધા તો દબાઈ જ ગયા છે. ઉપશમિત છે નષ્ટ નથી થયા.

એજ રીતે માનસિક દુ:ખો ઈષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ, ચિંતા, સંતાપ, ભય, ક્લેશ, ટેન્શન, ડિપ્રેશન, અશુભ વિચારો વગેરેના કેટલા બધા દુ:ખોમાંથી એક-બે સિવાયના બધા ઉપશમિત છે. નારકીના ભવોના દુ:ખો એકેન્દ્રિયાદિના ભવોના દુ:ખો, પંચેન્દ્રિય તિર્યંચના ભવોના દુ:ખો અને દેવલોકના પણ વિયોગ, મત્સરાદિ ઘોર દુ:ખો બધા હાલ દબાઈને રહ્યા છે. તેને લગતા કર્મ આત્મામાં પડેલા છે. તે બધા કર્મો ઉપશમિત છે.

કહો આ અસંખ્ય દુ:ખો આપનાર કર્મ ઉપશમિત થઈ ગયા અને દુ:ખોથી આપણે તાત્કાલિક પણ બચી ગયા. તેનું કારણ શું ?

કારણ એ કે પૂર્વભવોમાં કાંઈ દેવાધિદેવ કે સાધુ ભગવંતો કે સંઘ વગેરેની ભક્તિ કે અનુકંપા કે જીવદયા ઉંચા ભાવથી થઈ ગયા તે વખતે ઉત્કૃષ્ટ રસવાળા પુણ્ય-કર્મ બંધાયા તે આજે ઉદયમાં આવ્યા છે. જેના પ્રભાવે અસંખ્ય પ્રકારના દુ:ખો આપે તેવા કર્મો સત્તામાં હોવા છતાં તે ઉપશમિત થવાના કારણે આપણે સુખી છીએ.

હા ! પણ જો આ સુખના કાળે ફ્રી પાછી કોઈ



દેવ-ગુરુ-સંઘ-સાધુ-સાધર્મિકની ભક્તિ-વૈયાવચ્ચ, જીવદયા કે સંયમ-તપની સાધનાથી વળી નવા ઉત્કૃષ્ટ રસવાળા પુણ્યકર્મના બંધ અને ઉપશમિત પાપોનો પણ ક્ષય નહીં સધાય તો પૂર્વનું બાંધેલ પુણ્યકર્મ ભોગવાઈ પૂર્ણ થતાની સાથે જ પેલા ઉપશમિત પાપો ઉદયમાં આવીને અસંખ્ય દુ:ખોના ખાડામાં આપણને નાંખી દેશે.

(૫)

**यस्य प्रभावादाकाराः क्रोधहर्षभयादिषुभावेषु नोपलभ्यन्ते तद्गाम्भीर्यमुदाहृतम्।।**

ક્રોધ, હર્ષ, ભયાદિ, ભાવો, મોઢા પર જણાય નહીં તે ગાંભીર્ય.

ગાંભીર્ય મહત્ત્વનો ગુણ છે. ખાસ તો ક્રોધ, હર્ષ, શોક, ભય વગેરે પરિસ્થિતિમાં પણ ગંભીરતાને ધારણ કરનારાના હૈયામાં તે ભાવો ઉત્પન્ન થતા નથી. ક્યારેક થાય તો પ્રગટ થતા નથી. ગંભીર જીવો સુખ-દુ:ખ બંનેને પચાવી શકે છે. સુખમાં છકી જતા નથી, દુ:ખમાં દીન બનતા નથી. સુખ એમને અભિમાની નથી બનાવી શકતું. સુખમાં તેઓ અતિ નમ્ર રહે છે. દુ:ખ તેમને રાંક નથી



બનાવી શકતું. દુ:ખમાં પણ તેઓ શાંતિથી દીન બન્યા વગર સંતાપ, કલ્પાંત સંક્લેશ વગર જીવે છે.

વળી બીજાના દોષોને પણ ગંભીર માણસો ગળી જાય છે. ખાસ લક્ષ્યમાં લેતા નથી. અન્ય માણસો આગળ પ્રગટ કરતા નથી. ઉલટુ દોષિતોના દોષને ઢાંકે છે. પ્રસંગ આવે પોતાના અપરાધી પર, પોતાનું બુરું ઈચ્છનાર અને કરનાર પર પણ ઉપકાર કર્યા વગર રહેતા નથી.

બીજાના દોષો ગળી જવાથી, ખમી ખાવાથી તે જીવોનો પ્રેમ સંપાદન થઈ શકે છે. અપરાધી પર પણ ઉપકાર કરવા દ્વારા ગંભીર મનુષ્યો દુશ્મનને મિત્ર બનાવી શકે છે.

(૬)

સુખથી માણસ સુખી નથી. દુ:ખથી માણસ દુ:ખી નથી. અર્થાત્

ધન, કુટુંબ, પરિવાર, યશ કિર્તિ વગેરે સુખના સાધનો આ બધું મળવા માત્રથી જીવ સુખી નથી. તેવી જ રીતે દરિદ્રતા, અપયશ, રોગાદિ દુ:ખના સાધનો મળવા માત્રથી જીવ દુ:ખી નથી. રોજની બે આના જેટલી



કમાણીવાળો પુણીયો સુખી હતો. અબજો રૂપિયાની મૂડીવાળો મમ્મણ દુ:ખી હતો. વર્તમાનમાં પણ શ્રીમંત માણસો દુ:ખી અને સાધારણ માણસો સુખી દેખાય છે.

એથી સિદ્ધાંત નક્કી થાય છે કે સુખથી જીવો સુખી નથી, દુ:ખથી જીવો દુ:ખી નથી. અહીં આ બંને ભૌતિક જાણવા.

તો પછી જીવ સુખી શેનાથી ? દુ:ખી શેનાથી ? એનો જવાબ એ છે કે **જીવ સુખી ગુણોથી છે અને જીવ દુ:ખી દોષોથી છે.**

વિપુલ સુખ સામગ્રીમાં આળોટતા દેવો પણ મત્સર, અસંતોષ વગેરે દોષોના કારણે દુ:ખી હોય છે સમતાપૂર્વક દુ:ખો સહન કરતા નારકો પણ સુખી જણાય છે.

અત્યાર સુધી આપણે પણ આ વિવેકના અભાવે સુખી થવા સુખના સાધન-ધન, કુટુંબ, આરોગ્ય વગેરે માટે પ્રયત્ન કર્યા પણ સુખી થવામાં આપણે સફળ થયા નથી, હવે ઉપરોક્ત વિવેક પ્રગટ કરી આપણે ગુણી બનવા પ્રયત્ન કરીશું, તો આપણે અવશ્ય સુખી બની શકીશું...

(૭)

જગતમાં જીવોની સુખની કલ્પના કુપમંડુક જેવી છે એટલે પોતાની આજુબાજુના વાતાવરણમાં સૌથી વધારે ભૌતિક સામગ્રી પોતાને મળે તો જાતને સુખી માને છે ઓછી મળે તો જાતને દુઃખી માને છે અરે બળદ જેવા જાનવરો-પશુઓ પણ બીજા કરતા વધારે ઘાસ મળે, સારી જગા બેસવા મળે તો પોતાની જાતને સુખી માને છે !

ગામડાના માણસને મહિને પાંચ-દશ હજાર મળે તો પોતાની જાતને અત્યંત સુખી માને છે કેમ કે બીજાઓને તેટલા મળતા નથી. શહેરના માણસો મહીને હજારો મળે તો પણ સુખી નથી થઈ શકતા કેમકે બીજાને વધારે મળે છે.

આ આપણી પરિસ્થિતિ છે.

ટુંકમાં આપણે બીજાના સુખે દુઃખી છીએ, આપણે બીજાના દુઃખે સુખી છીએ.

આ આપણું માનસ છે. આપણું માનસિક વલણ છે. જો આપણે આ વલણને ફેરવીએ અને

બીજાના સુખે સુખી થવાના, બીજાના દુઃખે દુખી



થવાનો પ્રયત્ન કરીએ તો આપણે મહાસુખી થઈએ કેમકે આ જગતમાં કેટલા બધા સુખી લોકો છે અનંતા સિદ્ધ ભગવંતો, વીશ તીર્થંકર ભગવંતો-બે કરોડ કેવળજ્ઞાની, તે સિવાય અન્ય બે હજાર કરોડ સાધુ-સાધ્વીઓ, અબજો શ્રાવક-શ્રાવિકાઓ તેમજ બીજા પણ માર્ગાનુસારી જીવો વગેરે કેટલા બધા સુખીજનો છે.

તે બધાને જોઈને આપણને કેટલો બધો આનંદ થાય. જેમ જ્ઞાતિ પ્રત્યે પ્રેમ મમત્વવાળો માણસ પોતાની જ્ઞાતિના લોકોને સુખી જોઈને કેટલો આનંદ પામે છે. લોકોને પણ કહેતો ફરે છે કે અમારી જ્ઞાતિમાં આટલા અબજપતિ છે, આટલા કરોડપતિઓ છે, આટલા ડોકટર છે, આટલા વકીલ છે... વગેરે ગૌરવપૂર્વક વાત કરે છે. આપણે પણ જીવોને આપણા માની તેમના પ્રત્યે મૈત્રીભાવ, ગુણીજનની પ્રત્યે પ્રમોદભાવ વગેરે રાખીએ તો આપણે પણ કેટલા બધા સુખી થઈ જઈએ.

પ્રશ્ન એ થશે કે બીજાના દુઃખે દુઃખી થઈએ તો જગતમાં સુખી કરતા તો અનેક ગુણા દુઃખી જીવો હોવાથી આપણે મહાદુઃખી થઈ જઈએ પણ એવું નથી...



**બીજાના દુઃખે દુઃખી થવું એ સુખનો જ એ પ્રકાર છે.** કારણ કે તેમાં જીવો પ્રત્યે કરુણાનો ભાવ છે, જે ગુણ છે અને ગુણથી જીવ સુખી જ થાય છે. બીજાના દુઃખે દુઃખી થતી વખતે હૃદયમાં કરુણાભાવ રહે છે, કોઈ પ્રકારના સંતાપ વગેરે હોતા નથી તેથી તે દુઃખ પણ દુઃખરુપ થતું નથી. ઉલ્ટુ સુખરુપ બને છે વળી બીજાના દુઃખોનો જે પ્રતિકાર કરી અનેકને દુઃખોમાંથી છોડાવીએ છીએ ત્યારે તેનો પણ આનંદ અનુભવાય છે. વળી ભાવિભવોમાં પણ તેથી અત્યંત સુખ મળે છે માટે આપણે "બીજાના દુઃખે સુખી અને સુખે દુઃખી" એવું માનસ પલટીને "બીજાના દુઃખે દુઃખી અને બીજાના સુખે સુખી" એવું માનસ પ્રગટ કરીએ તો આપણે મહાસુખી બની જઈએ. આપણા દેદાર બદલાઈ જાય અને પરંપરાએ અનંત શાશ્વત સુખના ભોકતા બની જઈએ.

(૮)

આપણા શરીરને આપણે જોઈ શકીએ છીએ, વળી આ શરીરની અંદર મગજ, ફેફસા, આંતરડા વગેરે અવયવોરુપ આંતરિક શરીર છે. એની પણ આપણને



ખબર છે, આની નીચે એક તૈજસ અને કાર્મણ પુદ્ગલોરૂપી તૈજસ-કાર્મણ સૂક્ષ્મ બે શીરરો છે તેની અંદર એક ભગવાન છે અને તે આપણે પોતે છીએ. એ ભગવાન અસંખ્યપ્રદેશી છે. તેના પ્રત્યેક પ્રદેશ પર અનંતજ્ઞાન છે. અનંત સુખ છે.

લોકાકાશના અસંખ્ય પ્રદેશો છે, અલોકાકાશના અનંત પ્રદેશો છે. તે બધાથી અનંતગુણ સુખાંશો અંદર રહેલા ભગવાનના (સ્વ-રૂપ આપણા આત્માના) પ્રત્યેક પ્રદેશ પર છે, એનું કોઈ અલૌકિક સ્વરૂપ છે. એનું કોઈ અનંત સૌન્દર્ય છે, એનો આકાર નથી એ નિરંજન-નિરાકાર છે. એનો વર્ણ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી, અરૂપી એવા એના સ્વરૂપનું વર્ણન થઈ શકે તેમ નથી.

વિશ્વના ત્રણે કાળના સર્વ સુરેન્દ્રો, ચક્રવર્તિઓ-દેવો મનુષ્યો વગેરેના સર્વ સુખોને એકઠા કરીએ તેના કરતાં અનંતગુણ સુખવાન એ ભગવાન છે.

જમીનમાં ભગવાનનો ખ્યાલ આવતા માણસ જમીન ખોદી, માટી વગેરે દૂર કરી ભગવાનને (પ્રતિમાને)

બહાર કાઢે છે. આપણે તો જિનાજ્ઞાપૂર્વક તપ-સંયમ-જ્ઞાન વગેરે પ્રક્રિયા કરીએ તો તે દ્વારા આપણે આ ભગવાનને પ્રગટ કરી શકીએ તેમ છીએ.

વર્તમાન શરીર તેના અવયવો, તેની નીચે રહેલા તૈજસ-કાર્મણ શરીર આ ત્રણે પડની નીચે દબાયેલા ભગવાનને આપણે ક્યારે પ્રગટ કરીશું ?

અનંતકાળથી અનંતદુઃખમાં રિબાતા ભવ્ય જીવો ! તમે જ્ઞાન-સંયમ-તપની પ્રક્રિયાથી તમારા ભગવાનને (ભગવાન સ્વરૂપ આત્માને) પ્રગટ કરી. હંમેશ માટે સર્વ દુઃખોનું નિવારણ કરી શાશ્વત સુખને પ્રાપ્ત કરો. એજ શુભેચ્છા.

**(૯)**

વરસાદ થોડો પડી ગયો. ચારે બાજુ વનસ્પતિ, નિગોદ વગેરે થઈ ગયા. રસ્તામાં-રોડ ઉપર પણ મંકોડા, અળશીયા, કાનખજૂરા ઘણા ફરવા લાગ્યા છે. ભવભીરૂ સાધુ કે શ્રાવક કોઈ પણ જીવ પગ તળે કચડાય નહીં, જીવની વિરાધના ન થાય એની કાળજીપૂર્વક ચાલે છે.

પણ જેમ આ અહિંસાના પાલનની સાવધાની છે તેવી



બીજા મહાવ્રતોમાં ખરી ? હિંસાનું પાપ ન થાય તે માટે જેવી સાવધાની છે તેવી બીજા પાપો ન થાય તે માટે ખરી ?

ઉત્તરાધ્યયન સૂત્રકાર કહે છે-

**चरे पयाइं परिसंकमाणो, पासं इह मन्नमाणो।**

આ જગતમાં ચારે બાજુ મોહની જાળ ફેલાયેલી છે એમ માનીને ક્યાંય ફસાઈ ન જવાય તેની શંકાથી મોક્ષાભિલાષી, પાપભીરુ (ભવ્ય જીવ) સંસારમાં પગલા ખૂબ સાવધાનીથી માંડે છે.

ક્યાંય અસત્યમાં ફસાઈ ન જવાય.

ક્યાંક અદત્તાદાનમાં ફસાઈ ન જવાય.

ક્યાંય અબ્રહ્મમાં - સંસારના પાંચે ઇંદ્રિયોના વિષયમાં ફસાઈ ન જવાય, ક્યાંય પરિગ્રહની મૂર્ચ્છામાં ફસાઈ ન જવાય માટે સર્વત્ર '**परिसंकमणो**' શંકાપૂર્વક પાપોને જાળ માનતો ખૂબ સાવધાનીથી ભવ્યજીવ સંસારમાં પ્રત્યેક કાર્યમાં પ્રવર્તે છે.

સાર એ છે કે સંસારની પ્રત્યેક પ્રવૃત્તિમાં જીવ ક્યાંય તીવ્રકર્મબંધમાં ફસાઈ ન જાય તેની સતત કાળજી જાગૃતી રાખવી અત્યંત જરૂરી છે.



**(૧૦)**

અકામ નિર્જરાને સકામ નિર્જરામાં ફેરવીએ.

આત્મા પરથી કર્મો દૂર થાય તેને નિર્જરા કહે છે.

આ નિર્જરા એટલે આત્મા પરથી કર્મને દૂર થવાની પ્રક્રિયા. તે બે રીતે થાય છે.

૧) અકામ નિર્જરા ૨) સકામનિર્જરા

કર્મના ઉદયથી દુઃખ-પીડા, તકલીફ, પ્રતિકૂળતા આવે તે વખતે સમતા રાખવાના બદલે ચિત્તમાં સંક્લેશ રહે આ દુઃખ ક્યાંથી આવ્યું, કોણે મોકલ્યું, કોણ નિમિત્તકારણ થયુ વગેરેની જ વિચારણા ચાલે, દુઃખ ક્યારે જાય તેવી જ એક માત્ર પરિણતિ રહે, ત્યારે દુઃખ ભોગવવાના કારણે કર્મ દૂર તો થાય એ અકામ નિર્જરા કહેવાય છે. આમાં **સહવાનું ઘણું, કર્મ નિર્જરા થોડી**. વળી કદાચ તીવ્ર સંક્લેશ વધી જાય તો નવું તીવ્ર કર્મ પણ બંધાય જે ઉદયમાં આવે અને અનેક પ્રકારના દુઃખો લાવે.

નાગદત્ત શ્રેષ્ઠિના પીતાએ પૂર્વભવે કોઈ જોડે ઠગાઈથી બે રૂપીયાની કમાણી કરેલી. સામાને ઠગેલો.



પૂર્વની આ લેણા-દેણીના કારણે એને જ ત્યાં બકરા તરીકે થયો, કર્મના હિસાબ ચોક્ખા છે આજે વ્યાપારાદિમાં અનેક રીતે કપટ, ઠગાઈ કરનારાઓની ભવાંતરમાં શું દશા થશે ? એ કલ્પી શકાય તેમ નથી.

હવે બકરાને કસાઈ વાડે લઈ જાય છે. ત્યાં રસ્તામાં પોતાની પૂર્વભવની દુકાન આવી. જોતા જાતિ-સ્મરણજ્ઞાન થયું. છોકરાને દુકાને બેઠેલો જોયો. બકરો બેં-બેં કરતો રક્ષા માટે દુકાન પર ચઢી ગયો. પણ દીકરાએ કસાઈને બે રૂપીયા આપી છોડાવાના બદલે ધક્કા મારી દુકાન પરથી નીચે ધકેલી દીધો. પરિણામે સંક્લેશ વધ્યો. ખૂબ સંક્લેશપૂર્વક કતલખાનામાં કપાતી વખતે નરકાયુષ્ય બાંધી પહેલી નરકમાં ગયો.

કર્મનિર્જરાનો અવસર કર્મબંધમાં ફેરવાઈ ગયો. કતલની ઘોર પીડા સહવા છતાં નિર્જરા અલ્પ થઈ, સંક્લેશના કારણે કર્મબંધ વધુ થયો.

ક્યારેક આવો સંક્લેશ ન હોય પણ કર્મ નિર્જરાનો આશય ન હોય ને દુઃખ સહન કરે તો તે વખતે કદાચ નવું કર્મ તીવ્ર ન બાંધે પણ નિર્જરા અલ્પ પ્રમાણમાં થાય.

ટુંકમાં અકામ નિર્જરામાં સહવાનું ઘણું કર્મ નિર્જરા ઓછી.

બીજી છે સકામ નિર્જરા...

જ્યારે જ્યારે કંઈ પણ કર્મના ઉદયથી શારીરિક રોગ, માનસિક ચિંતા, પ્રતિકૂળતા વગેરે આવે ત્યારે મારા જ કરેલા કર્મના ઉદયથી આ દુઃખો આવ્યા છે અને આને ભોગવતા મારા કર્મની સુંદર નિર્જરા થાય છે માટે મારે ચિંતાનું કોઈ કારણ નથી તેવી ભાવનાપૂર્વક સહન થાય તે સકામ નિર્જરા. મહાત્માઓ ઘણીવાર કર્મનો નાશ કરવા માટે સામે ચાલીને દુઃખોને આવકારે છે, જેમ પ્રભુ મહાવીર અનાર્યદેશમાં વધુ કર્મ નિર્જરા માટે ગયા. મુનિઓ પણ લોચ, વિહાર, ઉગ્ર તપસ્યાદિના કષ્ટો સામેથી ઉભા કરીને કર્મ ખપાવે છે, આ બધી સકામ નિર્જરા છે.

સકામ નિર્જરામાં સહવાનું ઓછુ અને કર્મ નિર્જરા ઘણી.

આપણે પણ દુઃખો, પ્રતિકૂળતા કે પીડાદિ વખતે મનને વ્યગ્ર સંક્લિષ્ટ ન બનાવતાં નિમિત્ત કારણોને દોષ



ન આપતા. આપણા જ પૂર્વકૃત કર્મનો ઉદય છે અને આ સહન કરવાથી મારે કર્મ નિર્જરા જ થાય છે. એવા ભાવ રાખીને સમતા ભાવે દુઃખો સહન કરીએ તો આપણે પણ સકામ નિર્જરા દ્વારા અઢળક કર્મ નિર્જરાની કમાણી કરી શકીએ. આપણે શું આવો વિવેક પ્રગટ કરી નિર્જરાના પ્રસંગોને સકામ નિર્જરામાં ફેરવી શકીશું ? નિર્જરાના પ્રસંગોને સકામ નિર્જરા કે અકામ નિર્જરામાં લઈ જવા એ આપણા જ હાથની વાત છે. વળી બાહ્ય-અભ્યંતર તપ દ્વારા પણ સકામનિર્જરા થઈ શકે છે.

સૌ કોઈ આત્માર્થી જીવો નિર્જરાના પ્રસંગને સકામ નિર્જરામાં ફેરવી અઢળક કર્મ નિર્જરા કરી શીઘ્ર મુક્તિને પામો એજ શુભેચ્છા.

**(૧૧)**

## સકામ નિર્જરા-મહાન આરાધના

પૂજ્યપાદ સ્વ.પ્રગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના સ્વ.પૂ.પંન્યાસજી શ્રી પદ્મવિજયજી ગણિવરના બિમારી પ્રસંગેના પત્રમાંથી.

"જૈન શાસન જે આરાધના કરવા કહે છે તે



કર્મનિર્જરા માટે.આ કર્મનિર્જરાના ઉદ્દેશથી તપસ્યા કરતાં જે સહન કરવું પડે તે સકામ નિર્જરા કરાવે છે. અર્થાત્ જે યોગ સકામ નિર્જરા કરાવે તે આરાધના.

તમે આ રોગ... પીડા... તકલીફ શાંતિથી સહન કરો છો તે શા માટે ? કર્મ નિર્જરા માટે ને ? કર્મનિર્જરા પર તમારી દૃષ્ટિ છે તેથી તમે એક પ્રકારની આરાધના જ કરી રહ્યા છો. ઉપવાસ, આયંબિલ જેમ આરાધના છે એમ કષ્ટ, આપત્તિ, રોગ, વેદના વગેરે શાંતિથી સહવી અને કર્મક્ષયનો આનંદ માણવો એ પણ એક મહાન આરાધના છે.

ખંધકમુનિ, ઝાંઝરિયા મુનિ વગેરેએ વેદનાને સમભાવે સહન કરવાની આરાધના કરીને કેવળજ્ઞાન લીધું હતું ! માટે તમારે તો આ દીવાળી માનવાની છે કે આ અવસરે સહન કરવામાં મારે મહાન આરાધના થઈ રહી છે."

**(૧૨)**

## સર્વસંપત્તિહેતુઃ।

ચૈત્યવંદનમાં ઈરિયાવહી કર્યા પછી તુરંત જ



આપણે 'સકલકુશલવલ્લી' નામનું સ્તોત્ર બોલીએ છીએ. આમાં પ્રભુના મહિમાનું વર્ણન કરતા ઉપરોક્ત પદ બતાવેલ છે જેનો અર્થ થાય છે. શાંતિનાથ પ્રભુ સર્વ સંપત્તિમાં હેતુ એટલે કારણ છે. ભગવાનના પ્રભાવથી સર્વ સંપત્તિ મળે છે. અર્થાત્ ધન, રૂપ, આરોગ્ય, યશ, કિર્તી, રાજ્ય, મહારાજ્ય, ચક્રવર્તિપણું, દેવલોક, ઈંદ્રપણુ વગેરે સર્વ સંપત્તિઓ મળે છે. પરમાત્માનું ચૈત્યવંદન કરતા મને રોજ યાદ આવતું કે નાથ ! આપ વિશ્વની આ સર્વ સંપત્તિમાં કારણભૂત છો. આ રીતે પ્રભુ પ્રત્યે બહુમાન થતુ. પરંતુ હું ભૂલ્યો એક દિવસ એવી સુંદર સ્ફુરણા થઈ કે પ્રભુ તું માત્ર આ બાહ્ય સંપત્તિમાં જ કારણભૂત નથી પરંતુ મારી આંતર સંપત્તિમાં ક્ષમાદિગુણો, દર્શન-જ્ઞાન-ચારત્રની સંપદા, સમતા, સમાધિ,અંતરંગ આનંદ, કેવળજ્ઞાન-કેવળદર્શન, અનંત દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય વગેરે શક્તિઓ અક્ષયસ્થિતિ, અરૂપીપણુ, અગુરુલઘુતા અને આત્માના પ્રત્યેક પ્રદેશ પર રહેલ અનંતાનંત અવિભાગયુક્ત એવું અવ્યાબાધ સુખ, આ બધામાં પ્રભુ તું નિમિત્ત કારણ છે. પૂર્વે વિચારેલ ધન-

રુપ-આરોગ્ય યાવત્ દેવેન્દ્રપણાના સુખ કરતાં પણ અનંતગણુ સુખ આત્મામાં અંદર પ્રત્યેક પ્રદેશ પર છે. અલબત્ ક્ષાયિક કોટિનું એ સુખ તો ઘાતિ અઘાતિ કર્મના સર્વ ક્ષયથી જ મળે છે, પ્રાપ્ત થાય છે તે આ ભવમાં શક્ય નથી. પરંતુ મોહનીય કર્મ અને જ્ઞાનાવરણાદિ કર્મોના ક્ષયોપશમથી પણ આત્મામાં પ્રશમાદિનો-સમાધિનો અત્યંત આનંદ ઉભરાય છે જે પ્રાપ્ત થવો આજે છેલ્લા સંઘયણમાં પણ અશક્ય નથી.

આ અંતરંગ સુખ-આનંદ આગળ કરોડોની સંપત્તિ, દિવ્યરૂપ, અદ્‌ભૂત આરોગ્ય કે યાવત્ ચક્રવર્તિ કે સુરેન્દ્રપણાનું સુખ કોઈ હિસાબમાં નથી.

વળી આ સુખ સ્વાધીન છે. કોઈ પરની અપેક્ષા આમાં નથી. માટે મહાત્માઓના સુખોનું વર્ણન કરતા શાસ્ત્રોમાં જણાવ્યું છે.

**"नैवास्ति राजराजस्य यत्सुखं च देवराजस्य।**
**तत्सुखमिहैवसाधोर्लोकव्यापाररहितस्य।। (प्रशमरति)"**

રાજાઓના રાજા ચક્રવર્તિને કે દેવરાજ એટલે દેવેન્દ્રને જે સુખ નથી તે સુખ લોકવ્યાપાર રહિત સાધુઓને હોય છે.



આપણે સૌ કોઈ પરમાત્માના અચિંત્ય પ્રભાવ દ્વારા આંતરિક પ્રસન્નતા, પ્રશમાદિક સમતાના સુખને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરી.

**(૧૩)**

આ વિશ્વમાં જે કંઈ સુખશાંતિ, આબાદી, આનંદ વગેરે દેખાય છે તે બધુ જ અરિહંતના પ્રભાવે છે.

આ જગતમાંથી જો અરિહંતને બાદ કરીએ તો આ જગત નરકરૂપે જ બની જાય. સર્વત્ર અશાંતિ, હિંસા, તોફાનો, વેરઝેર, લુંટફાટ, કત્લેઆમરૂપ જગત બની જાય.

'અરિહંત' નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ સ્વરૂપે જગતમાં જેટલા અંશે છે તેટલા અંશે જગત નિશ્ચિંત છે, સુખી છે, આબાદ છે.

અરિહંત નામનું વિવિધરુપે આ જગતમાં જે સ્મરણ થાય છે, નામનો જાપ થાય છે તે દ્વારા નામ 'અરિહંત'નું જગતમાં અસ્તિત્વ છે.

અરિહંત પરમાત્માના પ્રતિમાજી, ચૈત્યો, તેમાં થતી ભક્તિ, ઉપાસના વગેરે દ્વારા સ્થાપના અરિહંતનું જગતમાં અસ્તિત્વ છે.



'અરિહંત'ના જીવો પણ આ જગતમાં સંઘમાં છે, અથવા 'અરિહંત' પદમાં કારણભૂત વીશસ્થાનકો વગેરેની આરાધના કે શ્રુતજ્ઞાન વગેરેમાં દ્રવ્ય અરિહંતનું અસ્તિત્વ છે.

'અરિહંત'નું ધ્યાન જીવો જ્યારે કરે છે ત્યારે 'અરિહંત'ના ઉપયોગમાં રહેલા જીવો આગમનિક્ષેપે ભાવ અરિહંત છે. (ભાવ અરિહંત બે પ્રકારે છે. (૧) વર્તમાનમાં વિચરતા તીર્થંકરો નોઆગમ ભાવ અરિહંત છે. (૨) 'અરિહંત'ના ઉપયોગમાં વર્તમાન જીવ આગમ ભાવ અરિહંત છે.) તેથી આવા જીવો દ્વારા 'ભાવ અરિહંત'નું અસ્તિત્વ જગતમાં છે.

આ ચારે પ્રકારે રહેલ અરિહંતનું અસ્તિત્વ આ જગતને પવિત્ર કરે છે, જગતની રક્ષા કરે છે, જગતનું કલ્યાણ કરે છે, માટે જ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મહારાજાએ જણાવેલ છે કે-

**"नामाकृतिद्रव्यभावैः पुनतस्त्रिजगज्जनं।**
**क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे।।"**



નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી ત્રણએ જગતના જીવોને પવિત્ર કરતા સર્વક્ષેત્રો અને સર્વકાળના અરિહંતોની અમે ઉપાસના કરીએ છીએ. વળી પણ જ્યાં 'અરિહંત કે અરિહંત શાસન' વ્યવહારથી નથી ત્યાં પણ જીવોમાં રહેલ માર્ગાનુસારિતા, જીવદયા, પરાર્થકરણ, ઔદાર્ય-દાક્ષિણ્ય, પાપજુગુપ્સા, સમતા વગેરે ગુણો કે તદનુસાર પ્રવૃત્તિ દેખાય છે તે બધુ (નિશ્ચયનયથી) અરિહંત શાસન જ છે. તેથી ત્યાં પણ સુખમાં કારણ 'અરિહંત' જ છે.

**(૧૪)**

વિશ્વના જીવોને આપણે ત્રણ વિભાગમાં વહેંચી શકીએ. (૧) આપણા ઉપકારી જીવો, (૨) ગુણીયલ જીવો, (૩) સર્વજીવો.

વિશ્વના સર્વજીવો પ્રત્યે આપણે મૈત્રીભાવ રાખવાનો છે. પરંતુ ગુણીયલ જીવો પ્રત્યે વિશેષ બહુમાન અર્થાત્ પ્રમોદભાવ રાખવાનો છે.

વળી ગુણીયલ અને ઉપકારી એવા દેવાધિદેવ અને ગુરુ ભગવંતો પ્રત્યે તો સંપૂર્ણ સમર્પિત ભાવ ઉભો કરવાનો છે.

સામાન્યજીવ પ્રત્યેના અસદ્ભાવથી મૈત્રીનો નાશ થાય છે.

ગુણીયલ જીવો પ્રત્યેના અસદ્ભાવથી ગુણસંપત્તિ નાશ પામે છે, જ્યારે ઉપકારી ગુણી એવા દેવ કે ગુરુ પ્રત્યેના અસદ્ભાવથી મૈત્રીભાવ, ગુણાનુરાગ અને કૃતજ્ઞતા નામના આધ્યાત્મિક વિકાસના ત્રણ મુખ્ય સ્થંભો તૂટી પડે છે.

માટે જ... જીવો પ્રત્યેના અસદ્ભાવથી જે અશુભ કર્મ બંધ થાય છે તેનાથી ગુણીજીવો પ્રત્યેના અસદ્ભાવથી અનેક ગુણ કર્મ બંધાય છે જ્યારે ઉપકારી અને ગુણીયલ એવા દેવગુરુ પ્રત્યેના અસદ્ભાવથી (કે માધ્યસ્થભાવથી પણ) ભયંકર અશુભકર્મ બંધાય છે.

**(૧૫)**

ગુરુ કે સાધુ પ્રત્યેનો અસદ્ભાવ એ નવકારનો અપલાપ છે. પંચમહાવ્રતધારી શુદ્ધપ્રરૂપક મુનિઓનો સમાવેશ નવકારના પાંચમાં પદમાં થાય છે. તેઓ પ્રત્યે અસદ્ભાવ રાખનાર નવકારના પાંચમાં પદનો અપલાપ કરે છે.



જિનવચનના એકાદ અક્ષરને પણ નહીં માનનારને જ્યારે મિથ્યાદૃષ્ટિ કહેવાય તો પછી નવકારના પાંચમાં પદનો અપલાપ કરનાર મહામિથ્યાદૃષ્ટિ જ કહેવાય તેમાં નવાઈ નથી.

**(૧૬)**

તીર્થંકર ભગવંતોને રૂપ, બળ, ઐશ્વર્ય, ચારિત્ર બધુ જ ઉત્કૃષ્ટ મળ્યુ તેનું કારણ તેમનું પરાર્થકરણ ઉત્કૃષ્ટ કોટિનું હતું, આપણામાં પણ જેટલે-જેટલે અંશે પરાર્થકરણ આવે તેટલા તેટલા અંશે આ જગતની સામગ્રી આપણને મળતી જાય છે.

આ જગતમાં જે કોઈ શ્રેષ્ઠ જીવો છે તે પાંચ પરમેષ્ઠિ છે. અને પાંચ પરમેષ્ઠી જોડે સંપર્ક કરવાનું સાધન નવકાર છે. જેમ જેમ નવકારનો જાપ કરો કે સાધના કરો તેમ તેમ મનમાં વિચારો કે મારે આ પાંચ પરમેષ્ઠી સાથે ઘણી નિકટતા થઈ રહી છે.

**(૧૭)**

જગતની ઘટનાઓ તો બન્યા કરવાની છે. જીવનમાં પુણ્યપાપના ઉદયના કારણે સુખ-દુઃખ, અનુકૂળતા-



પ્રતિકૂળતા, ઈષ્ટ-અનિષ્ટ થયા કરવાનું. ઉદયમાં આવતા કર્મના અસ્ખલિત પ્રવાહને કોણ અટકાવી શકવાનું છે ? આપણે જ સત્ત્વ વિશેષ પ્રગટ કરીને આવતાં પ્રસંગોમાં સમાધિ જાળવતા-રાખતા શીખવાનું છે.

**(૧૮)**

પરિક્ષાના પેપર સહેલા પણ હોય છે, અઘરા પણ હોય છે પણ પરિક્ષામાં કેટલું પૂછવાનું ? છતાં હોંશિયાર વિદ્યાર્થીઓને બધુ જ (ન પુછાયેલ પણ) આવડતું હોવું જોઈએ એ જ રીતે કોઈ જીવો હસતા હસતા બાહ્યથી પણ અત્યંત સુંદર વાતાવરણમાં ક્ષપકશ્રેણિ આરોહણ કરીને કેવળ-જ્ઞાન પામે જેમ પૃથ્વીચંદ્ર સિંહાસન પર બેઠા-બેઠા, ગુણસાગર લગ્નની ચોરીમાં, ભરત ચક્રવર્તિ આરિસા ભવનમાં. કોઈ જીવો ભારે તપ વગેરે કરતા, કોઈ ભયંકર ઉપસર્ગો વગેરે પ્રતિકૂળ વાતાવરણમાં ક્ષપકશ્રેણિ આરોહણ પામીને કેવળજ્ઞાન પામે છે. જેમ ગજસુકુમાર મુનિ, ખંધકમુનિ, ખંધક સૂરિના ૫૦૦ શિષ્યો, મેતરાજ મુનિ વગેરે...

પરંતુ જેમ પરિક્ષામાં પ્રશ્નો થોડા હોય છતાં બધું



જ જ્ઞાન હોય તે વિદ્યાર્થી વાસ્તવિક વિશારદ ગણાય છે. તેમ બધા જ પ્રકારના અનુકૂળ કે પ્રતિકૂળ કોઈ પણ સંયોગોમાં અર્થાત્ ચક્રવર્તિપણાની સાહિબીમાં કે મરણાંત કષ્ટમાં સમાધિ સમતા જાળવવાનું જેની પાસે સત્ત્વ લબ્ધિરુપે પણ હોય છે. તેઓ જ ક્ષપકશ્રેણિ આરોહણ કરીને કેવળજ્ઞાન પામી શકે છે.

**(૧૯)**

**भुवे तस्यै नमो यस्यां त्वत्पादनखांशवः।**
**चिरं चूडामणियन्ते ब्रूमहे किमतः परम्।।**

જ્યાં આપના ચરણના નખના કિરણો લાંબો સમય શોભાયમાન રહ્યા છે તે ભૂમિને પણ નમસ્કાર થાવ આથી વિશેષ શું કહીએ ? - ક.સ.હેમચંદ્રસૂરિ મ.

પરમાત્માની ઉત્કૃષ્ટ ભક્તિ કરતા કલિકાલસર્વજ્ઞના મુખમાંથી આ ઉદ્ગાર સરી પડ્યા. પ્રભુ તમારા ચરણોથી જે ભૂમિ અલંકૃત થઈ છે તે ભૂમિને પણ અમે નમસ્કાર કરીએ છીએ ?.

પરમાત્મા તો નમસ્કરણીય છે પણ તેમના સુસંબંધો જ્યાં જ્યાં થયા તે જડવસ્તુ પણ વંદનીય, નમસ્કરણીય

બની ગઈ કેમકે તે વસ્તુઓના સંપર્ક થતા આપણને દેવાધિદેવ યાદ આવી જાય, તેમના ગુણો સ્મરણપથમાં વિસ્તરે, આપણને આધ્યાત્મિક આનંદની પ્રતિતિ થાય, આપણો મુક્તિ તરફનો પ્રવાસ આગળ વધે. આથી જ આ શ્લોક દ્વારા પરમાત્માની કલ્યાણકભૂમીઓ તથા પરમાત્મા જે જે ક્ષેત્રમાં વિચર્યા તે ક્ષેત્રોને પણ નમસ્કાર કર્યા છે.

આ બધા દ્વારા પરમાત્માની નિકટતા પ્રાપ્ત કરવાનો એક માત્ર ઉદ્દેશ છે. આપણે સૌ પરમાત્માની નિકટતા પ્રાપ્ત કરી આત્મિક અનંત રિદ્ધિ પ્રાપ્ત કરીએ.

**(૨૦)**

ક્રિયાઓ કેવી ? કેટલા માર્ક મળે ? પાસ થઈએ કે નાપાસ ?

કોઈ પણ ક્રિયાના સો માર્ક ગણીએ. હવે તેમાં સૂત્રો બોલવામાં જેટલા સૂત્રો, પદો, અક્ષરો ઉપયોગપૂર્વક બોલાયા તેના માર્ક મૂકીએ. ઉપયોગ વગર બોલાયા તેમાં '૦' મૂકીએ તો કેટલા માર્ક આવે ? પાસીંગ તેત્રીશ-પાંત્રીશ ટકા માર્ક પણ આપણને મળે ખરા ? તેવી જ



રીતે પડિલેહણ, પ્રતિક્રમણ, દેવવંદન, ગુરુવંદન વગેરેમાં મુદ્રા-પ્રવૃત્તિના પણ માર્ક મુકાય, તેમાં જેટલી વિધિ સચવાય અને ઉપયોગપૂર્વક થાય તેના માર્ક મળે. વિધિમાં ગોટાળા થાય તો તેના માઈનસ મળે અને સાચી વિધિ-મુદ્રા વગેરે હોય પણ તેમાં ઉપયોગ ન હોય તો પણ માર્ક જાય. શૂન્ય મળે.

હવે વિચારીએ કે ક્રિયાઓમાં આપણને પાસીંગ માર્ક પણ મળે ?

**(૨૧)**

પહેલો આંકડો જ ખોટો માંડયો, પછી થતા ગુણાકાર-ભાગાકાર-બાદબાદી બધા સાચા કરીએ તો પણ જવાબ સાચો શી રીતે આવે ?

જગત પરના મમત્ત્વભાવ અર્થાત્ કોઈ વ્યક્તિ-કોઈ ક્ષેત્ર કોઈ પદાર્થ કોઈ ભાવ વગેરે પર ખોટા મમત્ત્વના શલ્ય આત્મામાં પધરાવી દીધા પછી જે કંઈ વિશેષ લેખા વગેરે કરીએ તે સાચા શી રીતે આવશે ?

**(૨૨)**

**અપ્રજ્ઞાપનીયપણું** :- પ્રજ્ઞાપનીયપણું મોટો ગુણ છે.



મહાદોષિત જીવ પણ આનાથી ગુણીયલ બને છે, ગુણીયલ જીવ, સંયમી જીવ પણ અપ્રજ્ઞાપનીયપણાથી દોષિત બને છે. સાચુ સમજાવી શકાય તેવી જીવમાં રહેલી પાત્રતા એ પ્રજ્ઞાપનીયતા.

વારંવારની સારણાદિની ઉપેક્ષાથી અપ્રજ્ઞાપનીયપણું આવે છે.

શાસ્ત્રોના પણ વારંવારના વાંચનમાં આવતી વાતોની ઉપેક્ષાથી પણ અપ્રજ્ઞાપનીયપણુ પ્રગટ થાય છે.

**(૨૩)**

ચારે બાજુ કાદવની વચ્ચે પણ કાદવને સ્પર્શ્યા વિના કમળ કેવું અલિપ્ત શોભે છે ?

જીવ ! સંસારમાં ચારે બાજુ રાગ-દ્વેષ મદ-મત્સર વગેરેના કાદવ છે, તું કમળની માફક એને સ્પર્શ્યા વિના અલિપ્ત રહેજે. તો જ તારો આ ભવ સફળ થશે. નહીંતર ભવ-ભ્રમણ ઉભુ જ રહેશે.

**(૨૪)**

પરમગુરુદેવની કેટલી લઘુતા ? લઘુતા ગુણ તેઓનો કેવો પરિણમ્યો ?



પોતાનાથી દીક્ષા પર્યાયથી નાના, શ્રુત વગેરેમાં પણ પાછળ અરે કેટલાકને તો તેઓએ ભણાવેલા તે બધાને આચાર્યપદની પ્રાપ્તિ થતા (પોતે નિઃસ્પૃહતાના કારણે ખૂબ મોડી પરાણે ગુરુ આજ્ઞાથી આચાર્યપદવી લેવી પડેલ) પદાધિક પુરુષોને ગુરુદેવ અતિનમ્રતાથી વંદન કરતાં.

ક્યારેક પદાધિકપુરુષો તેમને પોતાની પાટ પર સાથે બેસવા જણાવતાં ત્યારે નમ્રતાથી તેનો નિષેધ કરી તેમની સમક્ષ ભૂમિ પર બેસતા...

કેટલો બધો માનનો વિજય, ગુરુદેવ ! અમે ક્યારે પ્રાપ્ત કરીશું આ લઘુતાગુણને.

પેલા ગૃહસ્થ પંડિત પાસે પણ જ્યારે કંઈક જટિલ ન્યાયની પંક્તિઓ સમજવાનો પ્રસંગ આવ્યો ત્યારે તમે પાટપરથી નીચે ઉતરી પંડિતની સન્મુખ બેઠા.

અને દૂરથી ચાતુર્માસાદિ કરીને પધારતાં નાના મુનિઓનું પણ બહુમાન કરવા આપ પાટ પરથી ઉભા થતાં. આપની લઘુતાને લાખો વંદન.

(પરમગુરુદેવ-સિદ્ધાંતમહોદધિ સ્વ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા)

(૨૫)

ઘણા આડાઅવળા લીંટા કર્યા પછી બાળકને એકડો આવડે, પહેલેથી ન આવડે, એમ ઘણી દ્રવ્ય ક્રિયાઓ થયા પછી ભાવક્રિયા આવે.

એકડાના લક્ષ વિના લીંટા કરનારને એકડો આવડવો મુશ્કેલ છે. તેમ ભાવના લક્ષ વિનાની ક્રિયા કરનારને ભાવ આવવો મુશ્કેલ છે.

એકડો શીખવા લીંટા કરનારને અટકાવી દેવાથી તે ક્યારેય એકડો શિખી નહી શકે, તેમ દ્રવ્યક્રિયાવાળાને અટકાવી દેવાથી ક્યારેય ભાવક્રિયા પામી નહી શકે.

(૨૬)

જેની સાથે અભેદભાવ રાખવાનો છે, તેની સાથે ભેદ રાખીએ છીએ, જેની સાથે સંપૂર્ણપણે ભેદને અનુભવવાનો છે, તેની સાથે અભેદરૂપ બની ગયા છીએ. અનંત શાશ્વત સુખની પ્રાપ્તિ કેવી રીતે થશે ?

ચાલો પરમાત્મા સાથે વધુને વધુ અભિન્ન થવાનો અને સંસાર સાથે ભિન્ન થવાનો પ્રયત્ન કરીએ.



(૨૭)

જગતની જીવોની પ્રવૃત્તિ બે ભાગમાં વહેંચી શકાય.

- જેઓ આત્મા માટે પ્રયત્ન કરે છે તે બધાનો પ્રયત્ન પોતાના ઘરનો છે. પોતાનો સ્વતંત્ર છે.
- જેઓ ભૌતિકતા માટે પ્રયત્ન કરે છે તે બધુ પર પ્રેરિત છે. પર એટલે કર્મ.

પૂજ્યપાદ વિનયવિજય મ. અન્યત્વ ભાવનામાં લખે છે-

**परः प्रविष्टः कुरुते विनाशम्**
**लोकोक्तिरेषा न मृषेति मन्ये।**
**निर्विश्य कर्माणुभिरस्य किं किं**
**ज्ञानात्मनो नो समपादि कष्टम्।।**

પરનો પ્રવેશ વિનાશને નોંતરે છે - આ લોક કહેવત ખોટી નથી. તમારા ઘરમાં કોઈ પેસી જાય તો ધોળે દહાડે તમારે ઘર ખાલી કરવું પડે. આ જ રીતે કર્મના અણુઓએ આત્મામાં પેસીને જ્ઞાનસ્વરૂપ આત્માને ક્યું કષ્ટ નથી કર્યું ?

અનંત સુખનો, અનંતજ્ઞાનનો સ્વામી આપણો જીવ.



અંદર પેઠેલા કર્મોએ નરકના, નિગોદના, પૃથ્વીકાય વગેરેના, વિકલેન્દ્રિયના, તિર્યંચના, મનુષ્યના અને દેવના પણ અનંત દુઃખો આપણને આપ્યા.

જે દિવસે આ પરપ્રવેશ (કર્મના પ્રવેશ)ને દૂર કરીશું એ દિવસે આપણે સઘળા દુઃખોથી સદા માટે મુક્ત બની અનંત સુખના સદા માટે સ્વામી બનીશું. આ પરપ્રવેશને દૂર કરવા માટેનો સુવર્ણ અવસર-સમય એ માત્ર આ મનુષ્ય ભવ જ છે. દિશા ભૂલાઈ ગઈ છે, ગાડી આપણી ઉંધી દિશામાં ચાલી ગઈ છે. જેટલુ આગળ જઈશું તેટલુ વધારે પાછુ આવવુ પડશે.

ખુબ જ બુદ્ધિશાળી છીએ. ખુબ ઉંડો વિચાર કરી જાત અને જગતને હેરાન કરતા આ પરપ્રવેશને દૂર કરવા પ્રયત્ન કરીએ.

(૨૮)

પર માટે બીજો પણ એક શ્લોક શાંતસુધારસમાં છે જે અનુવાદ સાથે આ પ્રમાણે છે-

**यस्मै त्वं यतसे बिभेषि च यतो यत्रानिशं मोदसे**
**यद्यच्छोचसि यद्यदिच्छसि हदा यत्प्राप्य पेप्रीयसे।**



**स्निग्धो येषु निजस्वभावममलं निर्लोठ्य लालप्यसे,**
**तत्सर्वं परकीयमेव भगवन्नात्मन्न किञ्चित्तव ।।**

જેના માટે તું પ્રયત્ન કરે છે,
જેનાથી તું જીવે છે,
જેને વિષે તું નિરંતર આનંદ પામે છે,
જેનો તું શોક કરે છે,
જેની જેની તું ઈચ્છા કરે છે,
જે જે પ્રાપ્ત થતા તું પ્રસન્ન થાય છે,
જેના વિષે સ્નેહવાળો થઈ પોતાના નિર્મળ એવા સ્વભાવને છોડીને ગમે તેવા આલાપ કરે છે,
આ બધુ જ પારકુ છે. હે ભગવન્ ! આત્મા ! (પોતાના આત્માને ભગવન્ તરીકે સંબોધન કરે છે) તારૂ કંઈ નથી. (આ બધુ ભૌતિક માટે સમજવું.)

(૨૯)

નિંદા એ આત્માનો મોટામાં મોટો દુર્ગુણ છે. સામામાં દોષ ન હોય કે હોય પણ તેની નિંદા કરવાથી અતિક્રુર ફળ મળે છે. ઉપદેશમાળામાં જણાવ્યુ છે- “બીજામાં જે દોષ હોય તેની નિંદા કરવાથી તે દોષોની

નિંદકને પ્રાપ્તિ થાય છે." બીજાની ખાવાની પ્રવૃત્તિની નિંદા કરનાર તપસ્વીઓની તપોશક્તિ આ જ ભવમાં નષ્ટ થયાનું ઘણું જોવા મળેલ છે. નિંદા કરવાથી આત્મામાં ગુણો હોય તો તેનો નાશ થાય છે, ગુણો ન હોય તો ભવિષ્યમાં ગુણોની પ્રાપ્તિ દુર્લભ બને છે. નિંદાથી લોકમાં પણ અપ્રિય થવાય છે. જેની નિંદા થાય તેઓ સાથે વૈર પણ બંધાય છે. નિંદા એ ખતરનાક કુટેવ છે, ઉગ્ર અને ઘોર તપ-સંયમની સાધના નિંદાથી નિષ્ફળ જાય છે. નિંદાની ટેવવાળા જીવો ગુણાનુરાગી નથી બની શકતા, બીજા ગુણીયલ જીવોમાં પણ તેને દોષો દેખાય છે.

નિંદા એક જાતની ચળ છે. તેને દૂર કરવી ખુબ કઠણ છે. ઘણીવાર દેખાય છે કે રાત્રે સ્વાધ્યાય વિ.માં નિદ્રા, ઝોકા વગેરે આવે છે પણ જો કોઈ નિંદાદિ વિકથા શરૂ થઈ જાય તો આખી રાત માણસ જાગી શકે.

મહોપાધ્યાય યશોવિજય મ. યતિધર્મ બત્રીશીમાં કહ્યું છે-

"નિંદક નિશ્ચે નારકી, બાહ્યરૂચિ મતિઅંધ;
આત્મજ્ઞાને જે રમે, તેહને તો નહિ બંધ" ગા.૨૭



"નિંદા તજીએ પરતણી, ભજીએ સંયમ રંગ" ગા.૩૧

આપણે પણ મહાપુરૂષોનો ઉપદેશ સ્વીકારી નિંદાને હંમેશ માટે છોડી દેવી જોઈએ.

નિંદા છોડવી ખુબ મુશ્કેલ છે. મહાન તપસ્વી અને સંયમી આત્માઓ પણ નિંદાને છોડી શકતા નથી, તેથી જ અહીં જયવિયરાય સૂત્રમાં આપણે પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે પ્રભુ ! 'નિંદા' નામની લોકવિરુદ્ધપ્રવૃત્તિનો મારા જીવનમાં સદંતર ત્યાગ થાઓ. હું નિંદક મટીને ગુણાનુરાગી બનું.

ક્ષાયિક સમ્યક્ત્વી એવા કૃષ્ણ મહારાજા નિંદાથી પર હતા. તેમની પ્રશંસા સાંભળી પરીક્ષા કરવા દેવે રસ્તામાં અત્યંત દુર્ગંધમય સડેલી કુતરીનું મડદુ વિકુર્વ્યુ. કૃષ્ણ મહારાજા સપરિવાર ત્યાંથી જઈ રહ્યા હતા. આગળ ચાલતા સર્વે દુર્ગંછાપૂર્વક નાક પર કપડુ રાખી- ત્યાંથી પસાર થયા. કૃષ્ણ મહારાજા જ્યારે ત્યાંથી પસાર થયા ત્યારે દુર્ગંધમય સડેલી કુતરીના સફેદ ચમકતા દાંત જોઈને 'આના દાંત કેટલા સુંદર છે' એમ પ્રશંસા કરતા આગળ ચાલ્યા. આ કૃષ્ણ મહારાજાની દૃષ્ટિ હતી.



સ્તુતિ નવ કીજે આપણી, નવ કીજે નિંદાય;
ઉપદેશમાળા ઈમ કહે, તપ જપ સંયમ જાય.
માસખમણને પારણે, એક સિકત લઈને ખાય;
પણ નર નિંદા નવ તજે, નિશ્ચે દુર્ગતિ જાય.
પરનિંદા પુંઠે કરે, વહેતો પાતિક પુર;
દુર્ગતિ દશવૈકાલિકે, કહી સિજ્જંભવસુર.
- કવિ ઋષભદાસ રચિત બાહુબળીરાસ.

**(૩૦)**

વિશ્વમાં બે પ્રકારના બળો છે.

૧) ભૌતિક ૨) આધ્યાત્મિક

જગતમાં સંપત્તિ સત્તા, આરોગ્ય, યશ, કિર્તી શરીર પાંચે ઈન્દ્રિયના શુભ-અશુભ વિષયો આ બધુ ભૌતિક બળ છે.

જીવોના અભ્યંતર શુભ ભાવો-કષાયોના ક્ષયોપશમ પ્રભુનું ધ્યાન, મૈત્રી, કરુણાદિ ભાવનાઓ, જિનમંદિરો, તીર્થો, શાસ્ત્રો આ બધુ આધ્યાત્મિક બળ છે.

આ બે બળોમાં સમસ્ત જગત સમાવિષ્ટ થઈ જાય છે.



વિશેષ વિચારણા કરતાં જણાય છે કે ભૌતિક બળોમાં પણ જે સારું છે તે બધુ અધ્યાત્મિક બળને કારણે છે.

ધન-સત્તા, આરોગ્ય, યશ, કીર્તિ વગેરે ભૌતિક જે કંઈ સામગ્રી પ્રાપ્ત થઈ છે તે પૂર્વની આધ્યાત્મિક સાધનાના કારણે જ થઈ છે માટે સમસ્ત જગત પર એક માત્ર અધ્યાત્મનું જ સામ્રાજ્ય છે એમ માનવું ઉચિત છે.

ઘડિયાળનો કાંટો ફરતો દેખાય છે પણ તેમાં કારણ અંદરનું મશીન છે અંદરનું ધીમે ધીમે ચાલતુ પણ મશીન ચાલે ત્યાં સુધી જ બહારના કાંટા ચાલે છે વળી અંદરના મશીનમાં જેટલો ફેરફાર દેખાય એટલું જ બાહ્ય ફરતા કાંટામાં ફેરફાર થાય છે. તેવી જ રીતે જે બાહ્ય જગત જણાય છે તેમાં પણ કારણ જીવોની અંદર રહેલું અધ્યાત્મિક જગત છે.

જીવોના શુભ અશુભ ભાવોના હિસાબે બાહ્ય જગત છે.

શુભ ભાવોવાળા જીવો જ્યારે વધારે ચારે બાજુ હોય છે ત્યારે ચોથો આરો કે સત્યુગ જણાય છે.

અશુભભાવોવાળા જીવો જ્યારે ઘણા દેખાય છે

ત્યારે પાંચમો અને છઠ્ઠો આરો અથવા કળિયુગ આવે છે.

ક્યારેક એકાદ જીવના અતિઉત્કૃષ્ટ શુભ ભાવો પણ જગતને બદલી નાંખે છે. દા.ત. એક ગણધરનો જીવ કુમારપાળ અત્રે આવ્યો ત્યારે સમસ્ત ભારતમાં અમારી પ્રવર્તન થઈ ગયું. જીવોની રિદ્ધિ સમૃદ્ધિ પણ વધી ગઈ.

(૩૧)

જગતના કલ્યાણ માટે પણ જરૂર છે શુભ ભાવોની. સર્વ જીવો પ્રત્યેના અત્યંત કરૂણાના ભાવથી જ તીર્થંકરપણાની પણ ઉત્પત્તિ થાય છે. માટે આપણે સૌએ વધુને વધુ તીવ્ર શુભ ભાવો ઉત્પન્ન કરવાના પ્રયત્ન કરવા જોઈએ.

(૩૨)

ભાવોની કેટલી બધી તીવ્ર અસર છે કે તમે બીજા માટે જે ભાવ રાખો જે વિચારો કરો તેની તમને પ્રાપ્તિ થાય છે. એ સુભાષિતમાં જણાવ્યું છે-

ये केचित्सुखिनो लोके ते सर्वेऽन्यसुखेच्छया।
ये केचित्दुखिनो लोके ते सर्वेऽन्यदुःखेच्छया।।



"જગતમાં જે કોઈ સુખી લોક છે તે બીજાના સુખની ઈચ્છાથી સુખી થયા છે. આ જગતમાં જે કોઈ દુઃખી લોક છે તે બીજાના દુઃખની ઈચ્છાથી થયા છે."

દા.ત. તમારો કોઈ પ્રતિપક્ષ છે. દુશ્મન છે. તેનુ કર્મવશ કોઈક ખરાબ થયુ તેને કેન્સરાદિ જીવલેણ રોગ થયો અને તમને થયું કે, "સારું થયું. એ જ લાગનો હતો, મને હેરાન ક્યો તેનું ફળ તેને મળી ગયું." આવી વિચારણાના પ્રભાવે તમને તાત્કાલિક નહિં તો વહેલુ મોડુ કેન્સર આવશે (સિવાય કે પાછળથી તમને ભૂલ સમજાય અને નિંદા-ગર્હા-પ્રાયશ્ચિત્તથી કર્મ દૂર કર્યુ હોય)

ભગવાન તીર્થંકરદેવો સ્પષ્ટ ઉદાહરણ રૂપ છે તેઓએ જગતના જીવોના સુખની જે તીવ્ર ભાવના કરી અને તે માટે પ્રકૃષ્ટ પુરુષાર્થ કર્યો તેના પ્રભાવે તેઓને છેલ્લાથી આગલા ભવમાં દેવલોકના પણ દિવ્ય સુખોની પ્રાપ્તિ થાય છે, વળી વિશિષ્ટ કોટીનું લોકોત્તર ઔદારિક શરીર મળે છે, વળી જન્મથી જ ચાર અતિશય, ઓગણીશ દેવકૃત અતિશય અને કર્મ ક્ષયથી અગ્યાર એમ ચોત્રીશ અતિશયો (વિશ્વમાં બીજા કોઈને પણ ન હોય તેવી વિશેષતાઓ)ની પ્રાપ્તિ થાય છે.



છેલ્લા ભવમાં જન્મથી જ જબરદસ્ત કોટિના સુખોને ભોગવે છે અને પ્રાંતે મોક્ષના અનંત સુખને પામે છે.

સુખ કે દુઃખની આ એક જ મહત્ત્વની ચાવી છે. તમે બીજા માટે જે ઈચ્છશો ને બીજા પ્રત્યે જે વર્તન કરશો તે તમને મળશે, તમે બીજા ધનવાન બને તેમ ઈચ્છશો ને બીજાને ધન આપશો તો તમને ધન મળશે. તમે બીજા આરોગ્યવાન્ બને તેવી ઈચ્છા પૂર્વક બીજાને આરોગ્ય આપશો તો તમને આરોગ્ય મળશે. તમે બીજાની સમાધિ (ચિત્તની સ્વસ્થતા)ની ઈચ્છા કરશો અને બીજાને તે આપવા પ્રયત્ન કરશો તો તમને પણ સુંદર સમાધિ મળશે. માટે તો હરિભદ્રસૂરિ મહારાજાએ અષ્ટકમાં જણાવ્યું-

"શાસનની મલિનતા કરવા દ્વારા જે જીવો બીજાના મિથ્યાત્વમાં કારણભૂત થાય તે જીવો સંસારના કારણરૂપ, ભયંકર વિપાકને આપનાર, સર્વ પ્રકારના અનર્થને કરનાર એવા દારૂણ મિથ્યાત્વ મોહનીય કર્મને બાંધે છે."

પ્રતિપક્ષમાં જે જીવો શાસનની ઉન્નતિમાં પ્રવર્તે છે તે પણ અન્ય જીવોને સમ્યક્ત્વના હેતુઓ પમાડીને પોતે ક્ષાયિક સમ્યક્ત્વ પામે છે.



અર્થાત્ મિથ્યાત્વના હેતુઓ આપવાથી ઘોર મિથ્યાત્વની પ્રાપ્તિ અને જીવોને સમકિતના હેતુઓ પમાડવાથી ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

આથી જ મોક્ષની પણ પ્રાપ્તિ કરવી હોય તો "સર્વજીવો મોક્ષ પામે" એવી ભાવનાપૂર્વક શક્ય જીવોને મોક્ષની સાધનામાં સહાય કરવાથી શીઘ્ર મોક્ષ થાય છે.

અને આથી જ સંઘના અગ્રગણ્યો કે બીજાઓ પણ જે નિઃસ્વાર્થપણે સાધુ-સાધ્વીને સંયમની સાધનામાં સહાયક થાય છે, શ્રાવક-શ્રાવિકાઓને પણ તેમની વ્રત-પચ્ચક્ખાણ-પૂજા-સ્વાધ્યાયાદિ મોક્ષસાધક યોગોમાં સહાયક થાય છે તેઓ પણ શીઘ્રતર મુક્તિને પામે છે.

(33)

સંસાર એટલે જન્મ મરણનું ચક્ર. સંસાર એટલે રોગ-શોક દરિદ્રતાનો દરિયો. સંસાર એટલે આધિ-વ્યાધિ-ઉપાધિની ખાણ.

અનાદિ અનંતકાળથી અનંતાજીવો જન્મ-મરણના ચક્રમાં ભમી રહ્યા છે. જન્મ અને મરણ વચ્ચે કર્મ-પરિણામની કૃપા થાય તેટલું-તેવું જીવન માણી રહ્યા છે.

ક્યારેક એકેન્દ્રિય તો ક્યારેક પંચેન્દ્રિય, ક્યારેક મનુષ્ય તો ક્યારેક નરક, ક્યારેક નિગોદ તો ક્યારેક દેવ. આમ જુદા-જુદા રૂપો આપીને કર્મસત્તા જીવની ક્રૂર મશ્કરી કરી રહેલ છે અને બિચારો સંસારી જીવ એટલે કર્મમદારીનું માંકડુ એ નચાવે એમ નાચવાનું એ જીવાડે ત્યાં સુધી જીવવાનું એ મારે ત્યારે મરવાનું.

કશું જ ચાલે નહીં માંકડા એવા આ સંસારી જીવનું ! કેવા-કેવા રૌરવદુઃખો સંસારીજીવને ભોગવવાના કેવી કારમી કતલ કર્મ દ્વારા સહન કરવાની.

જાણી લો કુદરતના (કર્મસત્તાનાં) નિશ્ચિત નિયમો :-

(૧) નારકીની રૌરવવેદના ભોગવ્યા પછી પણ બહુ જ થોડા નારકીના જીવોને મનુષ્ય થવાનું મળે છે. મોટા ભાગને પાછા તિર્યંચ જ થવું પડે છે.

(૨) ભૌતિકસુખના શિખરે બેઠેલા દેવલોકના દેવોમાંથી બહુ જ થોડા દેવો દેવજીવન પુરૂં કરીને મનુષ્ય થાય છે. મોટા ભાગના દેવો ચ્યવીને પંચેન્દ્રિય તિર્યંચ કે એકેન્દ્રિયમાં જ જાય છે.

(૩) વર્તમાનકાળે મનુષ્યો જે છે તેનો મોટો ભાગ



તિર્યંચમાં જવાનો છે. વર્તમાનકાળે મનુષ્યોનો મોટો ભાગ ભવિષ્યમાં અસંખ્યકાળ કે અનંતકાળ સુધી મનુષ્ય થઈ શકવાનો નથી.

સંસારમાંથી પુરૂષાર્થ કરી જલ્દી મુક્તિ નથી મેળવવી તેવા આત્માઓની શી દશા છે ? તે પણ નીચેના નિયમથી જાણી લ્યો.

૨૦૦૦ સાગરોપમથી વધુ કાળ જેને સંસારમાં રહેવાનું હોય તેણે અવશ્ય એકેન્દ્રિયમાં જવું જ પડે.

(૩૪)

કાલ અત્યંત વિકટ છે દિનપ્રતિદિન શાસન પર આક્રમણો વધતા જાય છે. સંઘની સ્થિતિ બગડતી જાય છે. પ્રજા પણ અનેક સમસ્યાઓથી ઘેરાયેલી છે. આ બધાનું વર્ણન થઈ શકે તેમ નથી.

લોકોની સ્થિતિ પણ બગડતી જાય છે. જીવનમાં પાપો વધતા જાય છે. દુઃખો અને પાપો વચ્ચે આખી માનવજાત અજ્ઞાનતાને કારણે ભીંસાઈ રહી છે.

આપણી જાતનો પણ વિચાર કરીએ તો અનાદિ કાળથી આજ સુધી કોઈ પણ દુઃખ વેઠવાનું બાકી રાખ્યુ



નથી. તે જ રીતે કોઈપણ પ્રકારના પાપો પણ કરવાના બાકી રાખ્યા નથી. એટલે આજે પણ આત્મામાં ભયંકર કુસંસ્કારો રહેલા છે. તેથી આંતરીક મૂંઝવણોનો પાર નથી. ભયંકર પાપકર્મો પણ પડેલા છે. તેમાંથી કેટલાક ઉદયમાં આવીને આપણને પીડી રહ્યા છે. બીજા સુષુપ્તાવસ્થામાં છે. આ સ્થિતિમાં આપણું કર્તવ્ય શું ?

વૈરાગ્યશતકમાં કહ્યું છે-

**घोरम्मि गब्भवासो कलमलजम्बालअसुइबिभच्छे।**
**वसिओ अणंतखुत्तो जीवो कम्माणुभावेणं।।**

ભયંકર ગર્ભાવાસમાં કલમલ-જંબાલ વિ. અતિ-બિભત્સ અવસ્થામાં કર્મના પ્રભાવથી જીવ અનંતવાર રહ્યો છે.

**चुलसीइ किर लोए, जोणीणं पमुहसयसहस्साइं।**
**इक्किक्कम्मि अ जीवो अणंतखुत्तो समुप्पन्नो।।**

આ જીવલોકમાં ૮૪-લાખ જીવોને ઉત્પન્ન થવાના સ્થાનો (યોનિ) છે. આમાંથી પ્રત્યેક યોનિમાં આપણો જીવન અનંતીવાર ઉત્પન્ન થયો છે.

વિચારવાનું છે કે શું હજી આ જ ગર્ભાવાસોમાં



અને ૮૪ લાખ યોનિમાં ભટકવાનું હજી ચાલુ જ રાખવું છે ? શું હજી એ દુઃખોમાં પાછુ રિબાવું જ છે. કે એમાંથી હંમેશ માટે છુટવું છે ?

એક નાનકડા એવા શારીરિક કે માનસિક દુઃખથી ગભરાતો જીવ આ ગર્ભાવાસના અને ૮૪ લાખ યોનિમાં ભટકવાના દુઃખોથી કેમ ગભરાતો નથી ?

કારણ છે અજ્ઞાન. ભવસ્વરૂપનું ચિંતન આ જીવ કદાપિ કરતો જ નથી એટલે પાપોમાં ચકચૂર રહે છે જરા પણ ભય વિના પ્રવર્તન કર્યા જ કરે છે. આમને આમ જીંદગી પૂરી થતાં ૮૪ લાખ યોનિમાં ભટકવાની મુસાફરીમાં ઉપડી જાય છે. હવે ફરી ગુમાવેલી તક એને અસંખ્ય કે અનંતકાળે પાછી મળતી નથી.આ એક જ પ્રભુશાસન સાથે મળેલો મનુષ્યભવ જ એવો છે. જેમાં જિનાજ્ઞાપાલન દ્વારા જીવ ભવભ્રમણામાંથી નરકાદિ ભારે યાતનાઓમાંથી છૂટી શકે છે.

આ તક ગયા પછી ફરી મળતી નથી. ક્યારેક અસંખ્ય અનંતકાળ પણ વીતિ જાય છે અને આ બધો જ કાળ ઘોરાતિઘોર, જેના વર્ણન પણ ન થઈ શકે તેવા

ભયંકર દુ:ખોમાં જ પસાર કરવો પડે છે. એમાંથી કોઈ બચાવનાર મળતું જ નથી. બાજી આખી હાથમાંથી સરકી જાય છે. આથી જ શાસ્ત્રકારો ઉપદેશ આપે છે. 'હે જીવ ! જિનવચનને જાણ્યા પછી તું જરાપણ મોહને વશ ન થતાં બોધ પામ.' ધર્મારાધના વેગપૂર્વક કરવા માંડ. શીઘ્રપણે પાપોનો ક્ષય કરવા માટે ઉત્તમ એવા તપસંયમની આરાધનામાં તારી શક્તિને ફોરવ. કેમકે ફરીથી મનુષ્યભવ અને જિનશાસનાદિ સામગ્રી મળવી અત્યંત મુશ્કેલ છે. વળી, આગળ શાસ્ત્રકારો જણાવે છે "હે જીવ જિનશાસન અતિદુર્લભ છે. તું પ્રમાદી છે. સંસારના સુખનો રસિયો છે, પણ થોડાકાળના સુખના પ્રભાવે આવનારા નરકાદિ દુ:ખો ઘોર છે, અસહ્ય છે."

"તારું શું થશે ? તે સમજાતું નથી." શાસ્ત્રોની આ બધી વાતોને આપણે ઘોળીને પી જવાની છે કે વિચારી કંઈક કરવાનું છે. એટલું ધ્યાનમાં રહે કે સંસારમાં બિંદુ જેટલુ સુખ છે મહાસાગર જેટલું દુ:ખ છે. સંયમમાં બિંદુ જેટલું કષ્ટ છે. મહાસાગર જેટલું સુખ છે. આ બધી વાતોનું રહસ્ય એ છે કે પરમાત્માની સમક્ષ બેસી



સર્વપ્રકારે મોહને દૂર કરી ઉપશાંત ભાવે ચિંતવવુ કે મને આ જીવનને સફળ બનાવ માટે જોઈતી સંયમ અને તપની સાધનામાં અવરોધો ક્યાં છે ? કેટલા છે ? કેવા પ્રકારના છે ? અને દૂર કેવી રીતે કરવા ? પરમાત્માને પણ આ અવરોધો દૂર કરવા ભાવથી પ્રાર્થના કરવી. આનું પરિણામ આવશે. સાચુ માર્ગદર્શન મળશે.

ગુરુ ભગવંત પાસે જઈને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની-પરિસ્થિતિ જણાવી યોગ્ય માર્ગદર્શન મેળવવું. ગુરુનું વચન એ પરમાત્માનું જ વચન છે, ગુરુતત્ત્વ દ્વારા આપણું પરમાત્મા સાથે જોડાણ થાય છે.

માટે દેવગુરુની સાક્ષીએ માર્ગદર્શન મેળવી આ જીવનને સાધનાથી સફળ કરવુ. એ જ આ જીવનનું સાચુ કર્તવ્ય છે. એ જ ગર્ભાવાસથી છુટવાનો સાચો ઉપાય છે. એ જ ચોરાશી લાખ યોનિના પરિભ્રમણાથી છુટવાનો ઉપાયો છે. એ જ અનંત સુખમય એવા મોક્ષનું સર્વશ્રેષ્ઠ કારણ છે.

**(૩૫)**

કાળ અત્યંત વિકટ આવી રહ્યો છે. ચારે બાજુ



અર્થ-લાલસા અને કામતૃષ્ણાનાં દાવાનળ સળગી રહ્યા છે. વર્તમાનનો (સોહામણો) સંસાર છેલ્લા થોડા વર્ષોમાં અતિ-બિહામણો બન્યો છે. ક્યાંય સુખશાંતિ દેખાતાં જ નથી. સંસારીજીવોનાં જીવનો અતિપાપમય અને દુ:ખમય બન્યા છે. આપણે પણ ખૂબ સાવધાનીથી સંયમ સાધનામાં આગળ વધવાનું છે અને એ જીવોની પણ કરૂણા ચિંતવવાની છે. શકય હોય તેટલા જીવોને પાપોથી બચાવવાના છે. આપણે પણ આપણી આંતરપરિણતિનું સતત ચેકીંગ કરતાં રહેવાનું છે. વિષયો અને કષાયો જેમ જેમ ઓછા થાય છે, તેમ તેમ આત્માની વિશુદ્ધિ વધતી જાય છે, જેમ જેમ વિષયો કષાયો વધે છે તેમ તેમ આત્મા પતનના માર્ગે આગળ વધે છે. આચારંગ સૂત્રના નીચેના કેટલાક સૂત્રો વીચારવા યોગ્ય છે.

**सामण्णमणुचरंतस्स कसाया जस्स उक्कडा हुंति।**
**मन्नामि उच्छुपुप्फं च निप्फलं तस्स सामन्नं।।**

શ્રમણપણાને આચરતાં તેવા મુનિઓને જો કષાયો ઉત્કટ હોય તો હું માનું છું કે શેરડીના પુષ્પની જેમ તેનું શ્રામણ્ય નિષ્ફળ છે.



**जं अज्जिअं चरितं देसूणाए वि पुव्वकोडिए।**
**तं पि कसाइअमेत्तो हारेइ नरो मुहूत्तेणं।।**

દેશોનપૂર્વકોડ સુધી પાળેલા ચારિત્રને પણ કષાયવાળો જીવ મુહુર્તમાત્રમાં હારી જાય છે.

**समेमाणा पलेमाणा पुणो पुणो जातिं पप्कप्पेंति।**

**समेमाणा** એટલે અત્યંત ગૃદ્ધિપૂર્વક શબ્દ-રૂપ-રસ સ્પર્શને સેવનારા તથા **पलेमाणा** એટલે મનોજ્ઞ એટલે કે સુંદર એવા ઈંદ્રિયોના વિષયોમાં લીન બનનારા જીવો વારંવાર એકેન્દ્રિયાદિ જાતિઓમાં ઉત્પન્ન થાય છે. સંસાર દીર્ઘ કરે છે.

**दिट्ठीहिं णिव्वेयं गच्छेज्जा। णो लोगस्सेसणं चरे।**

ઈષ્ટ કે અનિષ્ટ એવા શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શની પ્રાપ્તિમાં વૈરાગ્ય કર. શુભ-અશુભ પુદ્ગલનાં પરિણામવશ થાય છે. આમાં રાગ-દ્વેષ કોણ કરે ? લોક કરે છે તેમ ન કર.

**सव्वत्तो पमत्तस्स भयं, सव्वत्तो अपमत्तस्स भयं णत्थी।**

પ્રમત્ત એટલે કે પ્રમાદીજીવને સર્વબાજુથી આલોક અને પરલોકમાં ભય છે. અપ્રમત્તને ભય જ નથી.

**अप्पमत्ते सया परक्कमेज्जासि।**

નિદ્રા-વિકથા-વિષય, કષાયથી રહિત અપ્રમત્તપણે, ઉન્મેષનિમેષાદિમાં પણ સદા ઉપયોગવાળા થઈને મોક્ષમાર્ગે પરાક્રમ કર.

શાસ્ત્રોમાં તો આવા ઉપદેશોના ભંડારો છે. લખેલા સૂત્રોનું તથા બીજા પણ આવા અનેક શાસ્ત્ર વાક્યોનું ચિંતન કરી આત્માને ભાવિત કરી અપ્રમાદપણે સારરૂપ સંયમમાં પરાક્રમ કરી આ જીવનને સફળ કરીએ.

(૩૬)

એક બાજુ શક્ય સુકૃતોના આચરણ, બીજી બાજુ આશ્રવના કાર્યમાંથી શક્ય છૂટકારો તથા અશક્ય આશ્રવોમાં પણ રસ નહીં પણ નિંદાનો ભાવ. દેવ-ગુરુ પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિનો જ માત્ર ભાવ નહિં પણ સમર્પણનો ભાવ. અન્યોના સુકૃતોનું પણ ભાવપૂર્વક અનુમોદન, આ બધુ ભવ્યત્વના પરિપાકને શીઘ્ર કરનારું થશે. જેમ-જેમ ભવ્યત્વનો પરિપાક થશે તેમ-તેમ આરાધનાને અનુકૂળ બાહ્ય-સામગ્રી પણ નિકટ થતી જશે.



અનંતશક્તિ, અનંત આનંદનો પુંજ આપણો આત્મા છે. એ આનંદ કેવો હશે ! એની અત્યારે તો માત્ર આપણે કલ્પનાંજ કરવાની રહી તેમજ જ્ઞાનીના વચનોની શ્રદ્ધાથી સ્વીકાર કરવાનો રહ્યો, આપણે પોતે અનંત આનંદના પુંજ રૂપે છીએ. ક્યારેક કાઈપણ ભવમાં એવી ક્ષણ જરૂર આવશે કે આપણે સઘળા સંકલેશોમાંથી છૂટીને આનંદ પુંજ સ્વરૂપને પ્રગટ કરીશું અને પ્રગટ થયેલોએ આનંદપુંજ ત્યારપછી કદી જશે તો નહીં પણ હ્રાસ પણ નહિં પામે. (ઘટશે પણ નહીં.)

સિદ્ધાવસ્થાનું એ સુખ આજ સુધી અનંત જીવોએ પ્રાપ્ત કર્યું. ભવની વિટંબણાઓમાંથી એ મહાત્માઓ હંમેશ માટે છૂટી ગયા. જન્મ-મરણના ચક્રો એમણે છેદી નાંખ્યા. કેવા અનંતસુખમાં તેઓ મ્હાલે છે ! આપણે માટે એ સમય ક્યારે આવશે ? હા, જરૂર આવશે, પણ એ માટે જેમ એ મહાપુરુષોએ વાસના અને ઈચ્છાઓના બલિદાન આપી દીધા તેમ આપણે પણ આપવા પડશે. તો જ આપણો સંકલ્પ સિદ્ધ થશે.

વાસનાઓનાં બલિદાન કરતાં પણ ઈચ્છાઓનું



બલિદાન મહાન છે. ભૂતકાળમાં નહીં આજે પણ અનેક જીવો વાસનાના બલિદાનને આપ્યા છતાં ઈચ્છાના બલિ-દાનના અભાવે વચ્ચે અટવાઈ ગયા છે. એમની મુસાફરી પૂર્ણ થતી નથી અને ઈષ્ટ સ્થળે પહોંચી શકતા નથી.

પ્રશ્ન :- વાસનાના બલિદાન અને ઈચ્છાના બલિદાનમાં ફેર શું ?

જવાબ :- વાસનાના બલિદાન એટલે ઈન્દ્રિયજન્ય સુખો કે તેની અભિલાષાનો ત્યાગ વાસનાઓનું બલિદાન વૈરાગ્યથી થઈ શકે છે. જ્યારે ઈચ્છાઓનું બલિદાન અહંત્વના ત્યાગથી થાય છે. આધ્યાત્મિકમાર્ગમાં જેમ ઈંદ્રિયજન્ય સુખોની અભિલાષાઓનો ત્યાગ કરવાનો છે, તેમ આરાધના માટેની પણ પોતાની ઈચ્છાનો ત્યાગ કરવાનો છે. અર્થાત્ સ્વેચ્છાપૂર્વકની આરાધના પણ જિનશાસનમાં માન્ય નથી, માટે જ શાસ્ત્રકારોએ ગમે તેવા વૈરાગીને પણ વિશેષે કરીને આ કાળમાં ગુરુકુલવાસ વિના આરાધનાનો નિષેધ કર્યો છે.

**"एसा य परमाणा जं गुरुकुलवासं न मोत्तव्वं।"**

"આ શ્રેષ્ઠ આજ્ઞા છે કે ગુરુકુળવાસને છોડવો નહિં."



તપ કરવાની, ત્યાગ કરવાની, સ્વાધ્યાય કરવાની, પ્રતિક્રમણ આદિ કરવાની, હિંસાદિના ત્યાગ કરવાની વિગેરે અનેક આજ્ઞાઓ તીર્થંકરભગવાનની જ છે. પણ આ બધા કરતાં પણ શ્રેષ્ઠ સર્વથી પ્રથમકક્ષાની આજ્ઞા તો ગુરુકુળવાસમાં રહેવાની, ગુરુકુળવાસને નહિં છોડવાની છે.

સાધકો માટે આ એક બહુ જ મહત્વની વાત છે. માટે ઉગ્ર તપ અને સંયમની આરાધના હોવા છતાં એમાં સ્વાગ્રહનું તત્ત્વ ભળેલું હોવાથી કેટલાય આત્માઓ સંસારમાં રખડતા જ રહ્યા છે, પાર ઉતરી શક્યા નથી, વળી, એટલા માટે જ શાસ્ત્રકારોએ ફરમાવેલ છે કે "ગીતાર્થના વચનથી હળાહળ ઝેર પીવું પણ અગીતાર્થના વચનથી અમૃતનું પાન પણ ન કરવું."

ડોકટર ને છોડી કમ્પાઉંડરની પાછળ દોડનારો જેમ આડીઅવળી દવાને પ્રાપ્ત કરીને રોગોને વધારે છે. અથવા છેવટે રોગોને તદવસ્થામાં રાખે છે તેવી રીતે અહીં એટલે જૈનશાસનમાં પણ ગીતાર્થને છોડી અગીતાર્થોના વચનને અનુસરનારા ભવ-ભ્રમણને નિવારીને

આત્માના આરોગ્યને પામી શકતા નથી.

ધર્મમાર્ગમાં પ્રથમપ્રવેશ કરનારાના તો વાસનાના ત્યાગને આપણએ આવકારીશું. પરંતુ આરાધનામાં આગળ વધી રહેલા જીવોએ તો ઈચ્છાના બલિદાનને લક્ષ્યમાં લેવું જ પડશે. વાસનાના બલિદાન પછી થતું ઈચ્છાનું બલિદાન એ જ સાચું સમર્પણ છે. માટે જ સમર્પણમાં ઈચ્છાના બલિદાનના મહાન આનંદનો અનુભવ થાય છે.

સિદ્ધાવસ્થાના આનંદ પછીનો બીજા નંબરે આ જગતમાં કોઈ પણ આનંદ હોય તો તે સમર્પણનો આનંદ છે. ઇંદ્રો-દેવો-ચક્રવર્તિઓ કે શાલીભદ્ર જેવા આત્માઓ ભૌતિક સામગ્રીથી આ જગતમાં જે આનંદ અનુભવે છે, તેના કરતાં અનેકગુણ આનંદ મહાત્માઓ સમર્પણભાવમાં અનુભવે છે. માથા પરથી બધો જ બોજો સમર્પણભાવમાં ઉતરી જાય છે. માટે અદ્‌ભુત પ્રસન્નતાનો અનુભવ થાય છે. આ પ્રસન્નતાનો અનુભવ સામાન્યજનને હોતો નથી. આ તો યોગજન્ય સુખ છે. જેના પ્રત્યે સમર્પણભાવ કેળવાય છે. તેના પ્રત્યે હૃદયમાં શ્રદ્ધા અને અત્યંત બહુમાનનો ભાવ ઉત્પન્ન થાય છે. આ એક આત્માની



મહાન વિશુદ્ધિ છે. આ વિશુદ્ધિવાળા જીવોને ક્ષપકશ્રેણિ જેવી વિશુદ્ધિ પણ સુલભ બને છે, જે મૃગાવતીજી અને ચંડરુદ્રાચાર્યના શિષ્યો જેવાના દૃષ્ટાંતથી આપણે સહેલાઈથી જાણી શકીએ છીએ.

જૈનશાસનની અદ્‌ભૂત આરાધના કરીને જીવનને સફળ કરવા માટે થનગની રહેલા મુમુક્ષુઓ ! તમે પણ દેવાધિદેવે બતાવેલ બન્ને પ્રકારના બલિદાન માટે તત્પર બનીને સ્વયં મહાન વિશુદ્ધિના ધારક બનો. તથા અદ્‌ભૂત આનંદના ભોક્તા બની સ્વકલ્યાણ સાથે અનેકના કલ્યાણને કરનાર બનો એવા મારા શુભ આશિર્વાદ તમારી સાથે જ છે.

## (૩૭)
## સમસ્યાનિવારણ

સારા જગતની સમસ્યા એક જ છે. દુઃખની ! રોગ, જરા, ગરીબી, ભૂખ, તરસ, વસ્ત્ર, મૃત્યુ, મકાન વગેરેની પેટા સમસ્યા છે. માત્ર મનુષ્ય જ નહીં, તિર્યંચો-દેવો-નારકી-એકેન્દ્રિય વિકલેન્દ્રિય-નિગોદનાં જીવો સર્વેને દુઃખ નથી ગમતું. તેને દૂર કરવા પ્રયત્ન કરે છે. સુખો



મેળવવા પ્રયત્ન કરે છે પણ સફળ નથી થતાં.

આ સમસ્યા આજની નથી અનાદિકાળની છે.

આજ સુધી આ સમસ્યાનું નિવારણ ન થયું. કેમકે તેનું સાચું નિદાન ન થયું. કોઈ પણ રોગનું સાચું નિદાન કર્યા વગર ગમે તેટલા ઔષધ લેવાય તે નકામાં છે. ક્યારેક વિપરીત પરિણામ આવે છે અર્થાત્ રોગ વધે છે.

સંસારી જીવોના દુઃખનું સાચું નિદાન કોઈ કરી શકતું નથી. માટે દુઃખ ટાળવા અને સુખ મેળવવા અનંતકાળથી થતા પ્રયત્નો નિષ્ફળ બને છે. ઉલ્ટુ વિપરીત પરિણામ જણાય છે. દુઃખો વધતા દેખાય છે.

અરિહંત પરમાત્માનાં જીવો આગલા ત્રીજા ભવમાં સમકિતની પ્રાપ્તી થતાં જ તેના દ્વારા જગતના જીવોના દુઃખનું સાચું કારણ સમજ્યા.

સઘળા દુઃખના કારણ રૂપે તેમને 'અજ્ઞાન' દેખાયુ. તેથી જ તેઓએ જગતનાં જીવોનાં હૈયામાં ધર્મનાં જ્ઞાનનો પ્રકાશ પાથરવા મહેનત કરી.

જગતનાં જીવો પ્રત્યે તેમની કરૂણા અગાધ હતી.



તેઓએ જીવનભર જીવોનાં દુઃખ દૂર કરવા તેમનામાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવવા પ્રકૃષ્ટ પુરુષાર્થ કર્યો. રાત-દિવસ ચિંતન અને મહેનત કરી. માટે કુદરતે તેમને તીર્થંકરનામકર્મના પ્રકૃષ્ટપુણ્યની ભેટ ધરી.

છેલ્લા ભવમાં પોતાની સાધના દ્વારા કેવળજ્ઞાનનો સંપૂર્ણ પ્રકાશ પ્રાપ્ત કરીને તીર્થંકર ભગવંતોએ તીર્થંકર નામકર્મના પ્રભાવથી જગત પર ચારે બાજુ જ્ઞાનનો પ્રકાશ પાથર્યો. જીવોના દુઃખનું કારણ પોતાના કર્મો છે આ વાત પ્રભુએ જગતને સમજાવી.

જીવો પોતાની મન-વચન-કાયાની પ્રવૃત્તિ દ્વારા કાર્મણ પુદ્‌ગલોને ગ્રહણ કરી આત્મસાત્ કરે છે. આત્મા જોડે ક્ષીરનીરવત્ એકમેક કરે છે આને જ ભગવાને કર્મ કીધા છે. મન-વચન-કાયાની પ્રવૃત્તિ જેવી હોય તેવા પ્રકારની સુખ-દુઃખ આપવાની શક્તિ આત્માની જોડે જોડાયેલા કાર્મણ પુદ્‌ગલોમાં ઉભી થાય છે. વળી મન-વચન-કાયાની પ્રવૃત્તિ જેટલી તીવ્ર કે મંદ હોય તેટલી ફળ આપતી વખતે તીવ્ર કે મંદશક્તિ પણ કાર્મણપુદ્‌ગલોમાં ઉભી થાય છે. સમય પસાર થયે તે કર્મો પોતાની શક્તિ

બતાવે છે અને જીવને સુખ-દુઃખ આપે છે. આને કર્મ ઉદય કહેવાય છે.

એટલે જ ભગવાને મન-વચન-કાયાની પ્રવૃત્તિ સુધારવાનો ઉપદેશ આપ્યો છે.

મન-વચન-કાયાની પ્રવૃત્તિ સુધારવા ભગવાને પાંચ મોટા નિયમો બતાવ્યા. બીજા અનેક પેટાનિયમો જણાવ્યા.

આ પાંચ નિયમો એ જ અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ. પરમાત્માના વચન પ્રત્યેની સંપૂર્ણ શ્રદ્ધા સાથે આ પાંચ નિયમોને સંપૂર્ણપણે પાળવા પૂર્વકની જીવનચર્યા એ જ ચારીત્ર એ જ સંયમ અને એ જ ભાગવતી દીક્ષા. આ પાળનારા તે સાધુ કહેવાય.

આ પાંચ મહાનિયમો પાળવા-પળાવવાની પાછળ ઉદ્દેશ તો મન-વચન-કાયાની શુદ્ધિ જ છે. તેથી જ આ ઉદ્દેશને લક્ષ્યમાં રાખીને જ પાંચે મહાનિયમો કે જેને પંચમહાવ્રત કહેવાય છે તેમાં ઉત્સર્ગની સાથે અનેકવિધ અપવાદનું પણ પ્રભુએ માર્ગદર્શન આપ્યું છે. એટલે મુખ્યતઃ આ પાંચ નિયમોથી મન-વચન-કાયાની શુદ્ધિ જ થતી હોવા છતાં અશુદ્ધિ ઉત્પન્ન થતી દેખાય ત્યારે



પ્રભુએ અપવાદમાર્ગથી પણ મન-વચન-કાયાની શુદ્ધિ કરવા સૂચવ્યું છે. દા.ત. સત્ય એ મહાવ્રત હોવા છતાં ક્યારેક સત્ય હિંસામાં કારણ થતું દેખાય તો તેને છોડવું પણ પડે. જેમકે કોઈ શિકારી રસ્તામાં જતા સાધુને, "હરણ કઈ બાજુ ગયુ છે ?" એમ પૂછે ત્યારે સત્યને બાજુમાં મુકવું પડે અને મૌન અથવા અસત્ય જવાબ પણ આપવો પડે. જેનાથી સ્વપરનું હિત થાય તેજ સાચુ સત્ય છે. વાસ્તવિક તથ્ય હકીકતો પણ જો સ્વ-પરના અકલ્યાણમાં કારણભૂત બને તો ભાવઅસત્ય બને છે.

આ પાંચ નિયમો પૂર્ણપણે પાળવાનું સત્વ અને શક્તિ જેમનામાં ન જણાય તેમના માટે ભગવાને દેશથી અહિંસાદિ નિયમો બતાવ્યા જેને દેશવિરતિ કહી આને ધારણ કરનારા દેશવિરતિધર શ્રાવકો કહેવાય. આ આંશીક નિયમોને પાળતા-પાળતા સંપૂર્ણપણે નિયમ પાળવાની શક્તિ અને ભાવના પ્રાપ્ત થાય છે. કાલાંતરે દેશવિરતિધર શ્રાવક પણ (સંપૂર્ણ ચારિત્ર) સર્વવિરતીને ગ્રહણ કરીને મન-વચન-કાયાની ઉત્તમશુદ્ધિ મેળવી શકે છે.



જે જીવોનું અહિંસાદિ પાંચે નિયમો પાળવાનું સામર્થ્ય નથી છતાં હૃદયનો પક્ષપાત એ તરફ છે, અને તેથી જ તેવા કે તેવા નિયમ બતાવનાર, અરિહંતની અને આવા નિયમ જીવનમાં જીવનારા સાધુઓ અને શ્રાવકો પ્રત્યે ખૂબ જ બહુમાન અને ભક્તિ પ્રવર્તે છે, સાથે સાથે પોતે આ નિયમો પાળી શકતા નથી, અને પાપો છોડી શકતા નથી એનું દુઃખ છે. આવા જીવો અવિરત સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ પરમાત્માની આજ્ઞા સંપૂર્ણપણે માને છે પાલન કરવા શક્ય પ્રયત્ન કરે છે.

પાપત્યાગના નિયમો અવિરત સમ્યગ્દૃષ્ટિ ગ્રહણ કરી શકતા નથી. પણ દેવ, ગુરૂની વૈયાવચ્ચ વગેરે યથાશક્ય નિયમો તેઓ ધારણ કરે છે.

પરમાત્માની વાણીનાં સમ્યગ્દૃષ્ટિ જીવને દિવ્ય સંગીત કરતાં વધારે રસ પડે ઉત્તમ અમૃતના ભોજન કરતાં ચારિત્ર પ્રત્યે તેમને વધુ રાગ હોય.

આ ત્રણે પ્રકારના જીવો ક્રમશઃ આગળ વધી શુદ્ધ સર્વવિરતિ ધર્મની આરાધના પામી મોક્ષ પામે છે.



અનંતદુઃખથી મુકાય છે અને અનંદ સુખના ભોક્તા બને છે. તેમની સઘળી સમસ્યાઓનો અંત આવે છે.

આ સિવાય કદાગ્રહ વિનાના, પાપ પ્રવૃત્તિમાં તીવ્ર રાગ વિનાના અને ઉચિત પ્રવૃત્તિ કરનારા મંદમિથ્યાત્વવાળા જીવો અપુનર્બંધક કહેવાય છે.

આવા જીવો ઉત્કૃષ્ટ સ્થિતિ અને રસવાળું કર્મ બાંધતા નથી. ક્રમશઃ સમ્યક્ત્વાદિ પામીને મુક્તિમાં પહોંચે છે. અને તેમની સઘળી સમસ્યાઓનો અંત આવે છે.

**(૩૮)**

માનવ ! તું મહાન છે.

સમસ્ત જીવસૃષ્ટિમાં માનવ ! તું મહાન છે ! જીવસૃષ્ટિ ઘણી વિશાળ છે, વિવિધ પ્રકારવાળી છે. આકાશમાં ઉડતા નાના-મોટા પંખીઓ, જમીન પર ફરતાં ગાય-બળદ-ઘેટા-બકરા-કૂતરા વગેરે ચાર પગા પ્રાણીઓ, સિંહ-વાઘ-વરુ આદિ જંગલી પ્રાણીઓ, પેટ ઘસડીને ચાલતા સર્પ, અજગર, પાણીમાં ફરતા મગર-માછલા વગેરે. અરે ! નાના કીડી, મકોડા, પતંગીયા, ઈયળ, વીંછી, તીડ, ભમરા, જૂ, લીખો વગેરે વિશાળ જીવસૃષ્ટિમાં

અસંખ્ય જીવો છે. આ હલન-ચલન કરતા જીવો ઉપરાંત વનસ્પતિ-વાયુ, અગ્નિ, પૃથ્વી અને પાણીમાં પણ જૈનધર્મે જીવોને માન્યા છે. તે ઉપરાંત માનવદૃષ્ટિએ અગોચર એવી અનંતદુઃખથી ભરેલ નરકજીવોની અને ભૌતિક અદ્‌ભૂત સુખોને ભોગવતા દેવોની પણ એક મહાન જીવસૃષ્ટિ છે. આ બદી જીવસૃષ્ટિ સંસારી જીવોની છે. આમાં જીવોનાં જન્મ-મૃત્યુ, રોગ-શોક, ચિંતા, આધિ-ઉપાધિ વિગેરે અનેક વિટંબણાથી યુક્ત જીવનો છે. એટલું જ નહીં મૃત્યુ પછી, નવનવા જીવનો, પાછા મૃત્યુ એમ આ વિષચક્ર જીવોનું અનાદિ અનંતકાળથી ચાલુ છે.

આ સિવાય પણ એક શુદ્ધ જીવોની સૃષ્ટિ છે. જ્યાં રહેલ જીવોને જન્મ-મરણ, આધિ-વ્યાધિ-ઉપાધિ વગેરે કાંઈ જ નથી હોતું યાવત્ શરીરની પણ પરાધીનતા નથી. શુદ્ધ આત્મા જ છે. તેના સ્વરૂપમય કેવળજ્ઞાન (ત્રણે કાળનાં સર્વપદાર્થ વિષયક જ્ઞાન) કેવળદર્શન (ત્રણે કાળના સર્વ પદાર્થવિષયક દર્શન) વીતરાગતા વગેરેને ધારણ કરતો અનંત આનંદમાં રાચે છે. ત્યાંથી જીવને પાછા આવવાનું નથી. જન્મ-મરણ કરવાનાં નથી. દુખનાં



દાવાનળમાં બળવાનું નથી. સુખના સમયમાં જ નિત્ય મહાલવાનું છે. આ જીવસૃષ્ટિને સિદ્ધોની સૃષ્ટિ કહે છે.

સર્વ સુખથી યુક્ત, સર્વ દુઃખથી મુક્ત જીવની અવસ્થા એ જ સિદ્ધાવસ્થા.

સર્વ ગુણોથી યુક્ત, સર્વ દોષોથી મુક્ત જીવની અવસ્થા એ જ સિદ્ધાવસ્થા.

સર્વ પ્રકારના દુઃખથી યુક્ત અને સુખથી રહિત એ જીવની સંસાર અવસ્થા.

દોષોથી ભરપૂર અને ગુણોથી રહિત અથવા ગુણોનાં માત્ર અંશથી યુક્ત જીવન એ સંસારીજીવન આવા સર્વ દોષોનો નાશ કરી સર્વ ગુણયુક્ત, સર્વ દુઃખનો નાશ કરી સર્વ સુખયુક્ત સિદ્ધાવસ્થાને સાધવાનો કાળ એ જ માનવજીવન. અને માટે જ માનવજીવન મહાન છે. માનવ ! તું આ જીવનની મહાનતા સમજ. અનાદિકાળથી જન્મ-મરણના ચક્રમાં ફસાયેલ આત્માને શુદ્ધ કરવા પ્રયત્ન કર. અનંતશાતાને સુખ માટે પ્રબળ પુરુષાર્થ કરી તારા આત્માને તેનો ભોક્તા બનાવ.



માનવ ! તું મહાન છે. સ્વપર કલ્યાણનાં મહાન કાર્યો કરી મહાનતાને સફળ કર.

**(૩૯)**

"એ નગર હતુ અંધજનોનું.

એમાં વસતા હતા બધા જ આંધળા, અલબત્ કેટલાક દેખાતા માણસોને કુદરતે ત્યાં ઉત્પન્ન કરેલા. જે અંધજનો હતા. તે જન્માંધ જ હતા. જગતમાં દેખતા માણસો હોવાની ઘણા મોટાભાગના આંધળાઓને કલ્પના પણ ન હતી.

નગરની ત્રણે બાજુ ભયંકર ગંદા પાણીની ખાળ હતી. અનેક પ્રકારની બદબૂથી ભરેલુ તે પાણી હતું. નગરજનોનું મેલું પાણી પણ તેમાં જતુ હતું. નગરની એકબાજુ કુદરતી સુંદર બગીચો હતો. અંધજનોના ટોળા નગરમાં ફરતાં-ફરતાં ઘણીવાર નગર બહાર પહોંચી જતાં ને ગંદી ખાળમાં પડતાં. તેમને આંખો ન હતી એટલે સુગંધીદાર બગીચાનું અસ્તિત્વ જ તેઓ સ્વીકારવા તૈયાર ન હતા. તેમને આખુ જગત ખાળ જેવું લાગતું હતું. ગટરની બદબૂની ગંધથી તેમનું નાક ટેવાયુ હતું.



ક્યારેક મોઢામાં પણ ગંદકી જાય પણ કોઠે પડી ગઈ હતી. શરીર આખુ ગંદકીથી ખરડાવા છતાં તેમને તેમાં અજુગતું ન લાગતું. આમ અંધજનો ભયંકર બદબૂથી ટેવાયેલા ક્યારેક પ્રયત્નથી ખાળની બહાર નીકળતા નગરમાં ફરતાં-ફરતાં વારંવાર ખાઈમાં પટકાતા. ક્યારેક કોઈકવાર ફરતાં-ફરતાં બગીચામાં સ્વાભાવીક પહોંચતા. સુગંધનો અનુભવ થતો પણ બદબુથી ટેવાયેલા તેમને લગભગ બગીચામાં આનંદ ન આવતો. તેઓ વળી પાછા ગટરમાં જ જતાં. ક્યારેક કોઈને બગીચામાં આનંદ આવતો પણ પાછા ફરતાં-ફરતાં બગીચાથી દૂર થઈ જતાં. દિશાની ખબર ન હતી માટે પાછા બગીચામાં કઈ રીતે જવાય તેની ખબર ન હોવાને લીધે વારંવાર ગટરમાં જ પટકાતા.

થોડા દેખતા માણસો જ ગટરમાં પડતા નહીં. તેઓ તે બાજુ નીકળતાં તો પણ સાવધાની રાખતાં. કારણ કે તેઓ ગટરને જોઈ શકતાં. તે કઈ દિશામાં છે તે પણ તેમને ખબર હતી. બગીચો કઈ દિશામાં છે તેનો તેમને ખ્યાલ હતો. માટે તેઓ વારંવાર બગીચા તરફ

જતાં. ત્યાંની ગુલાબ, મોગરા આદિ ફુલની સુગંધ તેઓ મેળવતાં. તેઓ ત્યાંની સુગંધીદાર હવા મેળવી શકતા. મંદ-મંદ વાતો શીતળ અને સુરભી વાયુ તેમના ચિત્તને પ્રસન્ન કરતો. આંધળાઓની ગટર અને ખાળ તરફની દોટની દુ:ખદ સ્થિતિ જોઈને તેમને અંધજનોની કરુણા ઉપજતી. અંધજનોથી આખુ નગર ભર્યુ હતું. આંધળા લાખોની સંખ્યામાં હતાં. જ્યારે દેખતાઓ આંગળીના વેઢે ગણી શકાય તેટલા હતા. મોટે ભાગે અંધજનોની પરંપરામાં અંધજનોનો જન્મ થતો. દેખતાની પરંપરામાં દેખતા જન્મતા. ક્યારેક દેખતાની પરંપરામાં અંધ પણ જન્મતાં અને અંધજનોની જેમ ભટકતા.

દેખતા માણસો અંધજનોને સમજાવતાં. તેઓને ગટરની અને બગીચાની દિશા બતાવતા. ક્યારેય અંધજનોએ દેખતા માણસોને જોયા જ નહતા. એટલે દેખતા માણસોની વાત ન માનતાં વારંવાર ગંદી ખાળમાં પટકાતા. ખાઈ ક્યાંક છીછરી, તો ક્યાંક ઉંડી, તો ક્યાંક વધુ ઉંડી હતી. શરીર છોલાતા લોહી-લુહાણ થતાં, ગંદકીથી શરીર ખરડાતા. મોઢા, જીભ વગેરે



લગભગ લકવા ગ્રસ્ત હતા. ગટરમાં પડવાથી અપાર વેદના સહન કરતાં. ક્યારેક બહાર નીકળી ગામમાં, ઘરોમાં પાછા ફરતાં. ક્યારેક ઉંડી ગટરોમાંથી દિવસો સુધી નીકળી શકતા નહિં. દેખતા માણસ ખુબ જ કરુણાથી અંધજનોને ખાઈમાંથી કાઢી બગીચામાં લઈ જવા પ્રયત્ન કરતાં પણ અંધો ક્યારેક દેખતા ઉપર ઉશ્કેરાઈ જતા અને ભેગા થઈ દેખતા માણસો ઉપર ગાળો પણ વરસાવતાં. કોઈવાર હુમલા પણ કરતાં. આવી પરિસ્થિતી છતાં દેખતા માણસો અંધજનો પર કરુણા રાખી તેમને બગીચામાં લઈ જવા પ્રયાસ કરતાં. ક્યારેક કોઈ અંધને બગીચામાં લઈ જવા સફળતા મળતી. બગીચામાં જતાં જ તે અંધજનો અદ્‌ભૂત સુગંધીદાર શીતળ વાયુ, નિર્મળ ઠંડુ જળ, ઉત્તમ કોટિના ફળોથી આનંદ પામતાં. એટલું જ નહિં તેમની પ્રસન્નતા વધતી. આથી જ આવા અનુભવને પામી તે અંધજનો દેખતા માણસના સાથને છોડતા નહિં. હંમેશા તેની સાથે રહેતા. ફરી ફરી બગીચામાં જતાં. સુરભી શીતળ વાયુ, ઠંડુ જળ, મીઠા મધુર આંબા વગેરેના ફળોથી તૃપ્તિને પામતાં. આવા સુંદર અનુભવથી



પછી તે જીવ તે અનંત સુખસાગરને પ્રકટ કરવાના જ પુરુષાર્થમાં લાગી જાય છે. દિન પ્રતિદિન સુખનો અનુભવ વધતો જાય છે, એક પુણ્યક્ષણે જીવ સર્વઘાતિકર્મનો ક્ષય કરી, કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે, આયુષ્યપૂર્ણ કરી સિદ્ધસ્થાન (મોક્ષમાં) પર પહોંચી જાય છે, ત્યાં અનંત સુખ ભોગવતો હંમેશ માટે વસે છે.

અનંત સુખ સાગરના અનુભવ માટે પરાધીન (પૌદ્‌ગલિક) સુખો તથા તેની આસક્તિ છોડવી પડશે. જેમ જેમ જેટલા જેટલા અંશે પરાધીન (પૌદ્‌ગલિક) સુખની આકાંક્ષા કે આસક્તિ છુટતી જાય છે, તેમ તેમ તેટલા તેટલા પ્રમાણમાં જીવમાં સહજ સુખ (સ્વાભાવિક) સુખ પ્રગટ થતું જાય છે.

**(૫૧)**

આલ્હાદ તથા શાન્તિ જેનાથી વિશેષ થાય તે જ ઉપાય ધ્યાનમાં લેવો. નમસ્કાર મહામન્ત્ર, શંખેશ્વર ભગવાનનો જાપ, ઉવસગ્ગહરસ્તોત્રની નવકારજીવન, બારભાવના, શાંત સુધારસનું મનન, વિજયપ્રસ્થાનનું



વાંચન વિગેરે માંથી કોઈપણ મનોરંજક ઉપાયની ઉપાસના કરવી.

અશાતાનો ઉદય અપ્રતિકાર્ય છે. પૂર્વના નિકાચિત કર્માથી રોગોની સવારી આવે છે અને અવશ્ય ભોગવવી પડે છે. કાયર અને સત્વહીન આત્માઓને તેનો કંટાળો આવે છે. તારા જેવા સંયમી મહાનુભાવને તેનો કંટાળો હોવો ન જોઈએ. અશાતાના ઉદયને સમાધિપૂર્વક સહન કરવો એ કર્મનિજરાનું અતુલ કારણ કહેવાય.

સમાધિપૂર્વક રોગને સહન કરવાથી આત્મા અજબ સહિષ્ણુ બને છે, દીનતા અને સંકલ્પવૃત્તિનો અંત આણે છે, કર્મસત્તા અને ભવિતવ્યતા અંગેની શ્રદ્ધા ખૂબ જ મજબૂત કરે છે, સાત્વિકતાને ઉત્તેજિત કરી દે છે. સહન કરવાના સુસંસ્કારોની સુંદર સજાવટ કરે છે, આવા આવા અનેક લાભો આત્મા તેમાંથી મેળવી લે છે. તેવા મહાન લાભો ઉઠાવવાની તક જે સાંપડી છે તે ચૂકી ન જવાય.

- સ્વ.ગુરુદેવ પંન્યાસજી શ્રી પદ્મવિજયજી
ગણિવર્યના પત્રમાંથી

દેખતા જનો ઉપર આવાં અંધજનો બહુમાનવાળા બનતાં. વારંવાર તેમનો આભાર માનતાં. તેમના ગુણગાન કરતાં. તેમનું સતત સ્મરણ કરતાં તેમની ભક્તિ કરતાં. દેખતાં જનોના સાથથી મળતાં આ મધુર પવનના સ્પર્શથી, જળનાં પાન અને ફળાદિના ભોજનથી થોડું થોડું દૃષ્ટિમાં તેજ જેવું દેખાવા લાગ્યું. પછી તો દેખતા જનો વળી આ અર્ધદૃષ્ટિવાળાને બગીચામાં આગળ પણ લઈ જતાં. જ્યાં અદ્‌ભૂત સુરભી પવન અને વિશિષ્ટ ઠંડુ જળ અને વિશિષ્ટ મધુર ફળોના ભોજન મળતાં. દેખતાં જનો અર્ધ દૃષ્ટિવાળા જનોની સાથે ભોજન કરતાં. આમ કરતાં કરતાં અંધજનો સંપૂર્ણ દેખતાં બની જતાં. અને આગળ ઉપવનમાં ઉંડે-ઉંડે પહોંચતા. હવે પોતે દેખતાં બન્યાં હોવાથી જાતે ઉપવનમાં ફરતાં. વિવિધ સ્થળોએ જઈ આનંદ લૂંટતા. અંધમાંથી દૃષ્ટિ પામેલા આ લોકો બીજા અંધને પણ કરુણાથી બગીચામાં લાવવા પ્રયત્ન કરતાં.

છેવટે દૃષ્ટિની નિર્મળતા વધતા ઉપવનથી પણ થોડે દૂર આગળ-આગળ અતિસુંદર સ્થળ જોવા જતાં અને કેટલેક દૂર અતિ રમણીય મનોહર સ્થળ હતું. જ્યાં



કોઈ ઉપદ્રવ નહીં. જ્યાં સતત આનંદ હતો. દૃષ્ટિ એટલી બધી ખુલે કે સમસ્ત વિશ્વના દર્શન થતા. તેવા નિરાબાધ અક્ષય અને અચલ સ્થાને પહોંચી જતાં. નિત્ય ત્યાં અનંત સુખમાં રમણ કરતાં. આ લાભ થોડા જ વિરલાને મળતો બાકી મોટા ભાગના અંધજનોની દશા હંમેશ માટે ભયંકર બિહામણી જેવી રહેતી હતી.”

આ દૃષ્ટાંતનો ઉપનય આપને જાતે જ સમજવાનો છે.

**(૪૦)**

પ્રાચીન જિનપ્રતિમાના દર્શન-વંદનથી આત્મા ભક્તિવિભોર બને છે. ખરેખર જિનશાસનનો કેટલો બધો પ્રભાવ છે કે આપણને સેંકડો વર્ષ પ્રાચીન પવિત્રત્તમ જિનપ્રતિમાઓના દર્શન, પૂજન, વંદનનો લાભ મળ્યો છે. પરંતુ આ જિનશાસન પામીને આપણે સંપૂર્ણપણે સ્વ-પરહિત સાધી શકિશું ? શું આપણે સ્વ-પરહિતને સતત સાધી રહ્યા છીએ કે રત્નચિંતામણી જેવા આ ભવને વિષય-કષાય-નિદ્રા-વિકથા વગેરે પ્રમાદમાં વેડફી નાંખીએ છીએ ? જરા શાંત ચિત્તે, પરોઢીયે, શાંત વાતાવરણમાં વિચારો કે,



હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? અહીંથી ક્યાં જઈશ ? છતી શક્તિએ કરવા યોગ્ય ક્યા સત્કાર્ય હું નથી કરતો ?

પ્રમાદપરસ્ત હું કેવા પાપો આચરી રહ્યો છું ? આ પાપ ભોગવવા માટે ક્યાં જવું પડશે ? મારા જીવનના ઘોરાતિઘોર પાપોથી નરક-તિર્યંચમાં ગયા વગર કઈ રીતે છૂટકારો થશે ? ઘોર એવી નરકમાં પરમાધામીના હાથે મારી કાયાને જીવતી પકાવવામાં આવશે. મારા શરીરના ટુકડે-ટુકડા કરી નંખાશે, મારા આંતરડા શરીરમાંથી બહાર કાઢશે, મારા શરીરના ટુકડા કરી ભજીયાની માફક ઉકળતા તેલમાં નાંખશે, મારા મુખમાં પરમાધામી ઉકળતા, ધગધગતા સીસા રેડશે... મારી છાતીમાં ભાલા ખોંચી આર-પાર કરાશે... કરવતથી મારું ગળુ વહેરવામાં આવશે... આ બધી ભયંકર પીડા મારાથી કેવી રીતે સહન કરાશે ?

તિર્યંચના ભવમાં પણ ભૂખ, તરસ, ભાર-વહન, માર, કતલ વગેરે કેટલી કારમી પીડા ભોગવવી પડશે... મનુષ્ય ભવ ગર્ભવાસ-જન્મ, રોગ, ચિંતા, ઉદ્વેગ,



ઈષ્ટવિયોગ ને અનિષ્ટ સંયોગ જરાવસ્થા વગેરે કારમાં દુઃખથી વ્યાપ્ત છે. ને ભૌતિક સામગ્રી ભરપૂર એવા દેવલોકમાં પણ ક્યાંય શાંતિ નથી. મત્સરાદિ અનેક દોષને કારણે દેવો દુઃખી થાય છે. ઈંદ્રાણીઓ અને દેવીઓના વિયોગમાં તથા ચ્યવન પ્રસંગે દેવોની વ્યાકુળતાનું વર્ણન થઈ શકે એમ નથી. આખો સંસાર દુઃખથી વ્યાપ્ત છે. સંસારમાં ક્યાંય સુખ-શાંતિ-સ્વસ્થતા નથી. અનંતાનંત કાળ ઘોર વિંટબણામાં પસાર કર્યો છે. છતાં જીવને ભાન નથી આવતું કે હવે આમાંથી છૂટવા પ્રયત્ન કરું આ આપણી કમનસીબ સ્થિતી છે.

દેવાધિદેવ અરિહંત પરમાત્મા તથા જિનશાસન-ગુરૂભગવંતો આ બધી પરિસ્થિતી છોડાવી આપણને પોતાના સમકક્ષ બનાવવા માંગે છે. જે અનંત સુખ તેઓ ભોગવી રહ્યા છે તે સુખ પરમાત્માના શુભ પ્રભાવથી આપણને મળી શકે તેમ છે. તે માટે બીજી બધી આળપંપાળ છોડીને પરમાત્માના શરણને સ્વીકારવું એ જ આપણા માટે અતિ ઉત્તમ કર્તવ્ય છે. દેવાધિદેવને તેમના શાસનને ગુરુભગવંત દ્વારા બરાબર સમજી તેને

આત્મસાત્ કરી આ જીવન સફળ કરીએ. કરોડોની સંપત્તિની કમાણી પ્રાપ્ત કરવાના સમયે ઉંઘ અને નિંદ્રામાં પડશું તે કેમ ચાલશે ?

ભવો ભવના જન્મ-મરણના અને આધિ-વ્યાધિ-ઉપાધિના સમસ્ત દુઃખમાંથી છૂટીને અનંત સુખ પ્રાપ્ત કરનારા આ મહાન ભવને વિષે અર્થકામના પ્રમાદમાં પડીશું.. દેહ-કુટુંબ પરીવાર વગેરે પળોજણમાં પડીશું તે કેમ ચાલશે ?

ઉઠો, જાગો અને અનાદિશત્રુ એવા મોહનો સંપૂર્ણ નાશ કરવા પ્રબળ પુરુષાર્થ કરો.

**(૪૧)**

મોંઘેરા અને દુર્લભ એવા મનુષ્ય જીવનને સફળ કરવા પ્રયત્ન કરવો જરૂરી છે. પૂર્વજન્મોમાં અજ્ઞાનથી બંધાયેલ ગાઢ અને ચિકણા કર્મો આત્મામાં સત્તારૂપે પડ્યા છે. ક્યા કર્મ ક્યારે ઉદયમાં આવી ક્યાં ફેંકી દેશે એ આપણે નથી જાણતાં. ખુદ ભગવાન મહાવીર દેવે નયસારના ભવમાં સમકિત પામીને ફરી મરીચિનાં ભવમાં સમકિત ગુમાવી કેવો સંસાર વધાર્યો કે અસંખ્યભવ



એકેન્દ્રિયના કરવા પડ્યાં. બે વાર નરકમાં જવું પડ્યું. આપણને પણ હાલ શાંત રહેલા સત્તામાં પડેલા આવા ઘણા અને ચિકણા કર્મો ઉદયમાં આવશે ત્યારે શું થશે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે - "વજનાં સાર જેવા કઠોર અને ચીકણા કર્મો જ્ઞાની પુરુષોને પણ માર્ગથી ઉન્માર્ગ તરફ ખેંચી લઈ જાય છે."

આ પરિસ્થિતિમાં શું કરવું ? આપણે સારા કાળમાં એટલે કે પાંચ ઈન્દ્રિય પૂર્ણ છે તથા ચિત્ત સ્વસ્થ છે તેવા કાળમાં આ કર્મોનું નિકંદન કાઢી નાંખવું જોઈએ. વર્તમાનમાં રાજકારણમાં દેખાય છે કે જે રાષ્ટ્રો મજબૂત છે તે બીજા નવા દુશ્મન જેવા રાષ્ટ્રોને મજબૂત થવા જ નથી દેતા. અને ક્યારેક પ્રસંગ આવે ત્યારે દુશ્મનોના શસ્ત્રાગારો વગેરે કેન્દ્રો પર બોંબમારો કરી નાંખે છે. આપણે પણ અત્યારે દેવ-ગુરુના સાંનિધ્યને લીધે મજબૂત છીએ. આવા સમયમાં પૂર્વનાં જે કર્મો આત્મામાં સત્તારૂપે પડ્યા છે. હાલ ભલે શાંત છે પણ ભવિષ્યમાં આપણને કનડે તેવા છે. તેના પર આરાધનાનો બોંબમારો કરી તેને નષ્ટ કરવા જોઈએ.



કર્મવિનાશ માટે મહત્ત્વની ૩ સાધનાઓ છે.

(૧) ચતુઃશરણ સ્વીકાર એટલે અરિહંત-સિદ્ધ-સાધુ અને ધર્મનાં શરણને વારંવાર સ્વીકારવું.

(૨) આ જીવનમાં તથા ભૂતકાળમાં જે કાંઈ દુષ્કૃત્યો થયા છે તેને યાદ કરીને આત્માનિંદા કરવી.

(૩) આપણા તથા જગતમાં જે અરિહંત પરમાત્માદિનાં સુકૃતો છે એ બધાની વારંવાર અનુમોદના કરવી.

શાસ્ત્રકાર કહે છે સંકલેશ થાય ત્યારે વારંવાર, નહીંતર પણ રોજ ત્રિકાળ આ આરાધના કરવી જોઈએ. આનાથી તથાભવ્યત્વ, નિયતિ, કાળ, કર્મ બધા અનુકૂળ થાય છે. સત્ પુરુષાર્થ જીવનમાં આવે છે અને ક્લિષ્ટ કર્મોનો વિઘાત થાય છે. પરિણામે શુદ્ધધર્મની વધુને વધુ આરાધના દ્વારા સર્વ કર્મનો ક્ષય કરી શીઘ્ર નિર્વાણની પ્રાપ્તિ થાય છે. પંચસૂત્ર ૧લા સૂત્રનો અર્થના ઉપયોગપૂર્વક પાઠ કરવાથી આ આરાધના સહેલાઈથી સુંદર થઈ જાય છે.

જો પ્રમાદમાં આવી આપણે આ આરાધના ન કરી શક્યા તો અંદર પડેલા કલિષ્ટકર્મો ઉદયમાં આવી



આપણને ક્યાંય ઉન્માર્ગમાં ખેંચી જશે ને નવા પાપ બંધાવી સંસાર પરિભ્રમણ ખૂબ વધારશે. ફરી મનુષ્ય ભવ મળવો દુર્લભ થશે. એકેન્દ્રિય કે નરકાદિની ઘોર પીડાઓ ભોગવવી પડશે. રેલ્વેમાંથી ઉતરતાં સહેજ ગફલતમાં રહે તો મનુષ્ય પડવા આખડવાથી પગાદિ, ગુમાવી બેસે છે. હંમેશા માટે પગ વગરનો કે ખોડખાપણવાળો થઈ જાય છે. આ ભવમાં સાવધ નહિં રહેનાર આત્માઓને અનેકભવો માટે અસંખ્ય કે અનંતકાળ સુધી ચાર ઈંદ્રિય રહિત કે ત્રણ ઈન્દ્રિયરહિત વગેરે અવસ્થામાં કાળ પસાર કરવો પડે છે. માટે પ્રમાદને દૂર કરી આરાધનામાં તત્પર બનો.

સાવધ બનો, પુરુષાર્થી બનો, પરાક્રમી બનો અને જીવન સફળ કરો. ઉત્તરોત્તર પ્રગતિ સાધી શીઘ્ર નિર્વાણના અનંત સુખને વરો.

**(૪૨)**

જે મનુષ્ય જીવન અનંતકાળથી દીર્ઘાતિદીર્ઘ નરકાદિની વેદનાઓ ભોગવ્યા પછી મહાપુણ્યોદયે મળેલ છે. તેને સફળ કરવાનું કે નિષ્ફળ ? આ જીવનમાં

અનંતાનંત કાળથી જન્મ-મરણ-રોગ-શોક-ચિંતા વગેરેનાં દુઃખનો અંત લાવવાનો પ્રયત્ન કરવાનો કે દુઃખ વધારવાનો ? હજી જન્મ-મરણની પરંપરામાંથી નથી છુટવું ?

દેવાધિદેવ શ્રી મહાવીરપ્રભુએ યોગ્ય પાત્ર જીવને આઠ વર્ષની ઉંમરે ચારિત્ર લેવાનું વિધાન કર્યું છે. તેમાં વિલંબ કરીએ તેટલા પ્રભુના વચનની અવગણના ખરી ?

તારક ત્રિભુવનપતિ ભગવાને આપણા ઉપર કરુણા કરીને આપણા જ હિત માટે જે ઉપદેશ કર્યા તે ઉપદેશ-વચનની આપણાથી અવગણના થાય ?

જે જીવનની પ્રત્યેક ક્ષણ કિંમતી છે તેના વર્ષો નકામા વેડફી શકાય ? જ્યાં રોગ-જરા-મૃત્યુ રૂપી ત્રણ રાક્ષસો પાછળ પડ્યા છે ત્યાં નિરાંતે બેસી રહેવાનો શું અર્થ છે ?

જ્યાં જીવન ક્ષણભંગુર છે, અનેક અપાયોથી ભરપૂર છે, ભાવીનું **નિશ્ચિત જ્ઞાન આપણી પાસે નથી.** ત્યાં ભાવીના ભરોસે આરાધનાને અભરાઈએ ચડાવી દેવાની ?



આ બધુ ખૂબ ગંભીરતાપૂર્વક વિચારજો.

આજ સુધી અનંતા તીર્થંકર ભગવંતો-ગણધર ભગવંતોએ પરાક્રમપૂર્વક સંસાર છોડીને આ નિષ્પાપ સંયમ જીવનને સ્વીકાર્યું છે. ચક્રવર્તિઓએ છ ખંડના સામ્રાજ્ય છોડી દીધાં છે. શ્રીમંતોએ સંપત્તિ છોડી છે. ભોગવિલાસી આત્માઓએ ભોગની વિપુલસામગ્રી છોડી છે. આ બધુ છોડી એ આત્માઓ ચારિત્રના ઉજવળ પંથે આવ્યા છે. માટે આચારાંગસૂત્રમાં જણાવ્યું છે **"पणया वीरा महाविहिं"** વીરપુરુષોએ ખુંદેલો આ માર્ગ છે. કાયરપુરુષોએ નહિં. તેઓએ ક્યારેપણ પાછી પાની કરી નથી. સુસ્તી-મંદતા-હતાશા કે ઉપેક્ષા આવવા દીધી નથી. પણ વધતા ઉત્સાહથી આગેકૂચ જ કરી છે. તો આપણું એ જ કર્તવ્ય છે.

આવા મહાપુરુષોએ ખેડેલા માર્ગે આગળ જવાનું કે જગતનાં સ્વાર્થી લાલચું માણસો જે માર્ગે જાય છે તે માર્ગે જવાનું ?

મહાપુરુષોના માર્ગે સ્વર્ગ અને મુક્તિના ફળ છે. દુન્યવી પુરુષોની પાછળ દોડવાનું ફળ તિર્યંચ-નરકાદિ



ગતિમાં પરિભ્રમણ છે. માટે જે ઉત્તમ તક મહાપુરુષોનાં પંથે આગળ જવાની મળી છે તેને ખૂબ પુરુષાર્થ કરીને સફળ કરો.

(૪૩)

મનની ચાર અવસ્થા છે.

વિક્ષિપ્ત :- સંસારના વિષયોમાં અહિં તહિં ભટકતું ચંચળ, દુષ્ટભાવોવાળું મન.

યાતાયાત :- ક્યારેક અંદર સ્થિર થતુ, ક્યારેક બહાર વિષયોમાં દોડતું, કંઈક (અંદર સ્થિર હોય ત્યારે) આનંદ અનુભવતુ ચિત્ત.

સુશ્લિષ્ટ :- સ્થિરતાને પામેલુ, તેથી ધ્યાનના આનંદને અનુભવતુ ચિત્ત.

સુલીન :- અતિનિશ્ચલ, ધ્યેયભાવ સાથે પરમલીનતા પ્રગટે, પરમ આનંદ અનુભવતું ચિત્ત. (અનુભવ લીલા ઢાળ ૨જી, પૃ.૮૪,૮૫)

પ્રભુ ! હું વિક્ષિપ્તમાંથી યાતાયાત અવસ્થામાં આપની કૃપાથી આવ્યો છું. પણ હવે સુશ્લીષ્ટ અને સુલીન અવસ્થાનું દાન કરો. જેથી હું આનંદ અને પરમાનંદના અનુભવનો આસ્વાદ માણી શકું.



(૪૪)

જગતમાં સુખ દુઃખ (ભૌતિક) એ માત્ર કલ્પનાઓના કારણે છે. નિશ્ચય નયથી આત્માને સુખ દુઃખ જેવું કંઈ છે જ નહિ.

અજ્ઞાન (રાગ-દ્વેષ)ના કારણે અસત્કલ્પનાઓ, ભયો, ચિંતાઓ, વિકલ્પો દ્વારા જીવ દુઃખી થાય છે. અજ્ઞાન દૂર થાય. જ્ઞાનનો પ્રકાશ પથરાય તો દેખાતું બાહ્ય દુઃખ સુખરૂપ થઈ જાય છે.

એક માત્ર અજ્ઞાનજન્ય માનસિક કલ્પનાઓ ફેરવવા દ્વારા જો સુખી થઈ શકાતુ હોય તો શા માટે તેમ કરીને સુખી ન થવું ? અજ્ઞાન જન્ય દુઃખમાં શા માટે સદા અથડાતા રહેવું ?

(૪૫)

સમસ્ત વિશ્વના અંધકારને નાશ કરનારા સૂર્યની શક્તિને આપણે જાણીએ છીએ, સમસ્ત વિશ્વને આહ્લાદક ચંદ્રની શીતળતા આપણે અનુભવીએ છીએ. વિજળીની, વરાળની, કોમ્પ્યુટરની, કિરણોની શક્તિઓના પ્રત્યક્ષ પરચા આપણને દેખાય છે. પણ અફસોસ આપણી પોતાની

(આત્માની) અનંત શક્તિ, અનંત જ્ઞાન, અનંત શાશ્વત સુખ, અપૂર્વ શાંતિને આપણે જાણતા નથી કે સ્વીકારતા નથી અને તેને પ્રગટ કરવા પ્રયત્ન કરતા નથી. પરિણામે વિના કારણે આપણે અનંતા સુખથી વંચિત રહીએ છીએ અને ભારે કષ્ટોને સહન કરીએ છીએ.

(૪૬)

'नमो अरिहंताणं' પદ દ્વારા સંખ્યાતા નામ જિનને અસંખ્ય સ્થાપના જિનને અનંતા દ્રવ્ય જિનને અને વીશ (વિહરમાન) ભાવ જિનને વંદના થાય છે. તીર્થંકર નામ કર્મ જે નિકાચિત કર્યું છે, તેઓને જ જો દ્રવ્ય જિન ગણીએ તો અસંખ્યાત થાય, પણ નિગોદાદિમાં રહેલ અરિહંતના જીવોને સ્થૂલ નૈગમ નયથી દ્રવ્ય અરિહંત ગણીએ તો દ્રવ્ય તીર્થંકરો અનંત થાય.

(૪૭)

मह मणु तरलु पमाणु नैव।

અભયદેવસૂરિકૃત જયતિહ્રાણ સ્તોત્રની ગા.૧૮નું આ પ્રથમ પદ છે. એનો અર્થ એ છે કે મારુ મન ચંચળ છે તે પ્રમાણભૂત નથી.



અનેક પ્રકારના અશુભ વિચારો-ભાવો-કલ્પનાઓની ચિત્તભૂમિમાં અવરજવર થાય છે.

હે નાથ ! આપની આજ્ઞાથી પ્રતિકૂળ મારા મનમાં ઊભા થતા સર્વ વિકલ્પો વિચારોમાં હું મારી અસંમતિ જાહેર કરુ છું. એટલું જ નહિ પણ તેવા વિચારો વિકલ્પોની નિંદા ગર્હા કરુ છું, તેને વોસિરાવું છું, તેનો ત્યાગ કરું છું.

વળી આ જ નીતિ વચન અને કાય યોગો માટે પણ જાણવી.

(૪૮)

આત્માના અસંખ્ય પ્રદેશો પર કર્મના ઝુંડો ચોંટી ગયા છે, આઠ પ્રદેશ સિવાય બધા જ પ્રદેશોનો કર્મસત્તાએ કબજો લીધો છે. કર્મો આપણા દુશ્મન એટલે અરિ છે. તે આપણને ખૂબ જ દુ:ખ આપે છે, નરકાદિ ગતિમાં રખડાવે છે. આખી દુનીયામાં જીવોને જે કંઈ દુ:ખ દેખાય છે તે આત્મા પર લાગેલા કર્મના કારણે જ છે. આ અરિ એવા કર્મનો નાશ કરવા પ્રત્યેક પ્રદેશ પર અરિહંતને બેસાડી દઈએ, સ્થાપન કરી દઈએ, કેમકે



અરિહંત એ કર્મરૂપી અરિને હણનારા છે, આમ કરવાથી કર્મરુપ અરિનો નાશ થશે અને આત્મગુણ સંપત્તિ અર્થાત્ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થશે.

(૪૯)

દર વર્ષે ક્ષમાપના પર્વ આવે છે, આપણે ચીલાચાલુ પરસ્પર ક્ષમાપના કરી આ પર્વ પસાર કરીએ છીએ. જો કે આ વ્યવહાર પણ ઉત્તમ છે. પણ સાથે નિશ્ચય દૃષ્ટિથી આપણે હૃદયમાં નીરીક્ષણ કરવુ જોઈએ કે અંતરાત્મામાં મૈત્રીભાવ કેટલો પ્રગટ થયો. ક્રોધાદિ કષાયો કેટલા ઓછા થયા.

ક્રોધાદિ કષાયો એ જ સંસાર છે.

ક્રોધાદિ કષાયોનો સંપૂર્ણ નાશ એ જ મોક્ષ છે.

કષાયોની માત્રા જેટલી ઓછી થાય તેટલા આપણે મોક્ષ તરફ આગળ વધ્યા કહેવાઈએ.એટલે પર્વ વીત્યા પછી પણ આપણો પુરુષાર્થ કષાયો ઘટાડવાનો ચાલુ રહેવો જોઈએ.

સુકૃતોમાં ધનાદિના વ્યયથી લોભ કષાય છૂટશે. આમાં અપેક્ષા કંઈ જ ન રાખવાથી માન કષાય છૂટશે.



બીજાના સુકૃતો અને ગુણોની અનુમોદનાથી ક્રોધ અને માન બંનેનો હ્રાસ થશે.

પરસ્પર પ્રેમ-મૈત્રીભાવ રાખવાથી અને સર્વ જીવો પ્રત્યે શુભ ભાવના રાખવાથી પણ ક્રોધ કષાયનો હ્રાસ થશે.

ધાર્મિક કે વ્યવહારની સર્વ પ્રવૃત્તિઓમાં સરળતા રાખવાથી માયા કષાય ઓછો થશે.

ચારે કષાયો પર વિજય મેળવવો એ જ આપણું મુખ્ય લક્ષ્ય છે. લક્ષ્યને સિદ્ધ કરવાનો ઉપાય એક માત્ર જિનાજ્ઞાપૂર્વક પરમાત્માએ બતાવેલ ધર્માનુષ્ઠાનોની શક્ય વધુ ને વધુ આરાધના કરવી. આ કરીને જીવન સફળ કરીએ.

(૫૦)

જેમ જેમ અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મનું શરણ સ્વીકારીએ છીએ કે તેમની નિરાશંસભાવે ભક્તિ થાય છે તેમ તેમ પુણ્યાનુબંધી પુણ્યની વૃદ્ધિ થાય છે. સાથે સાથે મોહનીયકર્મનો ક્ષયોપશમ થતા આત્માનું તથા આત્મસંપત્તિનું ભાન થાય છે. આત્મામાં અનંત સુખના સાગર ઉછળે છે, તેના અનુભવનો આભાસ થાય છે,